Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन सत्य प्रकाश



તંત્રી

**ચીમનલાલ ગોકળદાસ શાહ**

તા. ૧૫-૮-૫૩ : અમદાવાદ

વર્ષ ૧૮ : અંક : ૧૧ ] [ ક્રમાંક : ૨૧૫

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 232 ... 52, 23276204-05
Fax : (0... 23276249

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विषय-दर्शन


| અંક : | વિષય : | લેખક : | પૃષ્ઠ : |
|---|---|---|---|
| ૧. | નિવેદન | સંપાદકીય | : ૧૯૩ |
| ૨. | પ્રતિકાર | એક મિત્રના પત્રમાંથી | : ૧૯૫ |
| ૩. | માનવતાનો મૂક સંદેશ | પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિ | : ૧૯૭ |
| ૪. | માનસિક પાપની ભયંકરતા | પૂ. મુ. શ્રી મહાપ્રભવિજયજી | : ૨૦૧ |
| ૫. | સોમસૌભાગ્યનું વિહંગાવલોકન | પ્રો. શ્રી હીરાલાલ ર. કાપડિયા | : ૨૦૫ |
| ૬. | તાડપત્રીય જ્ઞાનભંડારો | શ્રીયુત મોહનલાલ દી. ચોકસી | : ૨૧૦ |
| ७. | **साधुचंद्र कृत तीर्थराज चैत्यपरिपाटीका समय** | **श्रीयुत भंवरलालजी नाहटा** | **: २१२** |
| ८. | **खेडके शांतिजिनालय संबंधी उल्लेख** | **श्रीयुत अगरचंदजी और भंवरलालजी नाहटा** | **: २१४** |
| ९. | **प्रभासपाटणना शिलालेखो** | **सं. पू. मु. श्रीचंदनसागरजी** | **: २१६** |
| ૧૦. | **સાભાર સ્વીકાર** | | ટાઈટલ પેજ બીજું |


# સાભાર—સ્વીકાર

૧. Baroda through the ages : ( બરોડા થ્રુ ધી એઈજીસ ) ( અંગ્રેજીમાં ) **લેખકઃ** બેન્દાપુડી સુબ્બારાવ. **પ્રકાશકઃ** ફેકલ્ટી ઑફ આર્ટસ—મહારાજા સયાજીરાવ યુનિવરસીટી ઑફ બરોડા, વડોદરા, **મૂલ્યઃ** પંદર રૂપિયા.

૨. **सामयिक लेख संग्रह** : ( હિંદીમાં ) **લેખકઃ** મુનિરાજ વિદ્યાવિજયજી, **પ્રકાશકઃ** શ્રીવિજયધર્મસૂરિ ગ્રંથમાલા શિવપુરી ( મધ્યભારત), **મૂલ્યઃ** એક રૂપિયો નવ આના.

૩. **મહાભારત અને ઉત્તરાધ્યયન સૂત્ર** : ( એક તુલનાત્મક અભ્યાસ—સ્વાધ્યાય, સાથે ) **લેખકઃ** શ્રીયુત ઉપેન્દ્રરાય જયચંદભાઈ સાંડેસરા, **પ્રકાશકઃ** ડૉ. ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા, અધ્યાપક નિવાસ, પ્રતાપગંજ, વડોદરા. **મૂલ્યઃ** એક રૂપિયો બે આના.

૪. **જ્ઞાનપ્રભા પ્રવર્તિની–સાધ્વી શ્રીદાનશ્રીજી** : **લેખક** : શ્રીયુત ફૂલચંદ હરીચંદ દોશી ' મહુવાકર, ' **પ્રકાશકઃ** માણેક શેઠાણી શ્રાવિકા ઉપાશ્રય, શાંતિનાથની ખડકી, કપડવંજ, **મૂલ્યઃ** વાચનમનન.

૫. **માનવતાનાં સોપાન** : **લેખકઃ** મુનિરાજ શ્રીચંદ્રપ્રભસાગરજી ( ચિત્રભાનુ ): **પ્રકાશકઃ** ચિત્રભાનુ ગ્રંથપ્રકાશક મંદિર, બાલુભાઈ રૂગનાથ, અંબાજીના વડ પાસે, ભાવનગર.

૬. **શ્રી જૈન પ્રશ્નોત્તર વાટિકા** : પાઠ્ય પુસ્તક પ્રકાશન સમિતિ સંયોજિત, શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ–પૂના. **પ્રકાશિકાઃ** શ્રીલબ્ધિસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા, ગારીયાધાર ( સૌરાષ્ટ્ર ), **મૂલ્યઃ** દોઢ રૂપિયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

| वर्ष : १८ | વિક્રમ સં. ૨૦૦૯ : વીર નિ. સં. ૨૪૭૯ : ઈ. સ. ૧૯૫૩ | क्रमांक |
|---|---|---|
| अंक : ११ | શ્રાવણ સુદિ ૬ : શનિવાર : ૧૫ ઓગસ્ટ | २१५ |

# નિવેદન

**સમિતિની** આર્થિક સ્થિતિ માટે જ્યારે જ્યારે અમે નિવેદન પ્રગટ કરીએ છીએ ત્યારે બહારગામથી અને સ્થાનિક પૂજ્ય આચાર્યાદિ મુનિવરોના અને કેટલાક શ્રેષ્ઠીઓના અભિપ્રાયો મળ્યા જ કરે છે કે—"કોઈ પણ સંજોગોમાં "જૈન સત્ય પ્રકાશ" નું પ્રકાશન બંધ ન કરશો." પરંતુ પ્રત્યેક વર્ષની ખોટને અને ચાલુ ખર્ચને પહોંચી વળવાનું એવડું કામ કેટલું મુશ્કેલ છે એ ભાગ્યે જ જણાવવાનું હોય!

ગયા વર્ષે 'જૈન' સાપ્તાહિકના તંત્રીશ્રીએ અમારા નિવેદન ઉપરથી સહાનુભૂતિ પ્રગટ કરવા સાથે શ્રી સંઘને મદદ કરવા સંબંધે અગ્રલેખ લખ્યો હતો અને તે પછી શ્રી. મોહનલાલ દી. ચોકસીએ પણ સમાજમાં વિદ્યમાન ઉચ્ચ કક્ષાના આ એકના એક પત્ર માટે જોરદાર અપીલ કરી હતી. પરિણામે ગયા વર્ષે જે મદદ મળી તે વાર્ષિક ખર્ચને પહોંચી વળે એટલી નહોતી, છતાં સમિતિના પાંચ પૂજ્યોના આદેશથી ચાલુ વર્ષે અમે આશાભેર માસિકનું પ્રકાશન કંઈક વધુ સંગીન પાયે બને એ માટે કોશીશ ચાલુ રાખી છે; એટલું જણાવવાની રજા લઈએ છીએ.

અમારો આગામી અંક પર્યુષણ પછી પ્રગટ થવાનો હોવાથી આ નિવેદન દ્વારા અમે જૈન સંઘને વિનંતી કરીએ છીએ કે મુનિસંમેલનના એક માત્ર સ્મારક જેવા આ પત્ર ને સારી રીતે ચાલુ રાખવા માટે પૂજ્ય આચાર્ય મહારાજો આદિ મુનિરાજો ચતુર્માસ દરમિયાન અને ખાસ કરીને પર્યુષણપર્વ પ્રસંગે આ સમિતિને મદદ કરવા તે તે સ્થળના શ્રી સંઘને ખાસ ઉપદેશ આપવાની અવશ્ય કૃપા કરે અને તે તે ગામના જૈન સંઘો પણ પોતાની આ સંસ્થાને અવશ્ય યાદ રાખીને વધુમાં વધુ મદદ મોકલવાની કૃપા કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનસમાજ જેવા સંપન્ન સમાજ માટે આવા માસિકને પગભર કરવાનું કામ કંઈ મોટું ન ગણાય. પ્રત્યેક સ્થળના શ્રી. સંઘો અને વાચનાલયોમાં આ માસિકનું સ્થાન અવશ્ય હોવું જ જોઈએ, એટલું જ નહિ પ્રત્યેક જૈનને પોસાય એટલા જ માત્ર—વાર્ષિક ત્રણ રૂપિયાના લવાજમમાં પ્રગટ થતું આ માસિક ઘેર ઘેર વંચાતું થાય એવી અમારી અભિલાષા છે.

જૈનધર્મ સામે થતા આક્ષેપોના જવાબ આપવાની સાથોસાથ જૈન સંસ્કૃતિ, સાહિત્ય, કળા, તત્ત્વજ્ઞાન વગેરેને લગતા સાહિત્યને પ્રગટ કરવામાં કોને અભિરુચિ ન હોય ? જૈન સમાજની પ્રત્યેક વ્યક્તિ આ માસિકને પોતાનું સમજે તો જ અમારી આ અભિલાષા સફળ થાય.

અમારી અભિલાષા શ્રમણ પ્રધાન સમસ્ત જૈનના સહકારથી જ પૂર્ણ થઈ શકે. આશા છે કે, સમિતિની સ્થાપનાને લગતા મુનિસંમેલનના ઠરાવમાંના—

**'આપણા પરમ પવિત્ર પૂજ્ય શાસ્ત્રો તથા તીર્થાદિ ઉપર થતા આક્ષેપોના સમાધાનને અંગે પાંચ પૂજ્યોની સમિતિ નીમી છે. તે મંડલીએ તે કાર્ય નિયમાવલી તૈયાર કરી, શરૂ કરવું અને બીજા સર્વે સાધુઓએ એ બાબતમાં યોગ્ય મદદ જરૂર કરવી. તેમજ એ મંડલીને જોઈતી સહાય આપવા શ્રાવકોને પણ પ્રેરણા અને ઉપદેશ આપવો.'**

—એ શબ્દોને યાદ કરીને પૂજ્ય આચાર્ય મહારાજ આદિ બધા મુનિવરો આ માટે જરૂર ઉપદેશ આપશે અને જૈન સંઘ એ ઉપદેશને દિલમાં ધરીને પોતાની આ સર્વપ્રિય સંસ્થાને પગભર બનાવવામાં પ્રયત્નશીલ થશે.

સાપ્તાહિક 'જૈન' પત્રના તા. ૮–૮–૫૩ ના ગતાંકમાં જ આ માસિક વિશે તેના તંત્રીશ્રીએ અગ્રલેખમાં જે નોંધ આપી છે તે તરફ પણ જૈન સંઘનું ધ્યાન દોરીએ છીએ:

'જૈનધર્મ, જૈન સાહિત્ય કે જૈન ઇતિહાસને લગતી જે કંઈ ખોટી હકીકત છપાય તેનો સમુચિત જવાબ આપવા માટે સં. ૧૯૯૦ ની સાલમાં મળેલ આપણા મુનિસમ્મેલનને 'શ્રી જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ'ની સ્થાપના કરી છે. અને એ સમિતિ 'શ્રી જૈન સત્યપ્રકાશ' માસિક દ્વારા આ દિશામાં પોતાથી બનતો પ્રયાસ કરે છે, તે દૃષ્ટિએ ભાઈ શ્રી જયભિખ્ખુનો આ લેખ ( આબૂ-રાણકપુરનાં જગપ્રસિદ્ધ દેરાં — ભૂલભરેલી પુસ્તિકાનો પ્રચાર ) 'શ્રી જૈન સત્ય પ્રકાશ' (ગતાંક) માં પ્રગટ થયો છે તે યોગ્ય જ થયું છે. આ સમિતિ પોતાનું કાર્ય વિશેષ રીતે કરી શકે તે માટે જૈન સંઘે એને વધુ પગભર કરવાની ખાસ જરૂર છે.'

ઉપર્યુક્ત નોંધ અને અમારા નિવેદન ઉપર શ્રી સંઘ લક્ષ આપી સમિતિને આર્થિક દિશામાં સત્વર મદદ કરવા પ્રયત્નશીલ બનશે એવી આશા છે. **સંપાદક**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતિકાર

## પ્રભુ શ્રીમહાવીરદેવ અંગેના અયોગ્ય લખાણનો રદીયો

### [બહાર ગામથી આવેલા એક મિત્રના પત્રમાંથી]

'ઇલસ્ટ્રેટેડ વીકલી'ના તા. ૨૨ મી માર્ચના ઇસ્યુમાં શ્રી એસ. આર. ટિકેકરે લખેલ 'વર્ધમાન મહાવીર' નામના લેખમાં લોર્ડ મહાવીરસ્વામીના કરેલા ગુણગાન બદલ એમને ધન્યવાદ ઘટે છે, પરંતુ લખતાં ખેદ એટલો થાય છે કે શ્રીયુત ટિકેકર જૈનધર્મના અનેક શાસ્ત્રોના પરિચયમાં આવ્યા નથી લાગતા તેથી પ્રભુ મહાવીરદેવ અંગે કેટલીક ગેર-સમજુતી તેમના લેખમાં પ્રવેશ પામી છે.

દા. ત. નામ અંગે મહાવીરસ્વામી અને વર્ધમાનસ્વામી બે સ્વતંત્ર નામો છે પણ વર્ધમાન મહાવીર કે મહાવીર વર્ધમાન જેવું એક અખંડ નામ નથી. એમના બીજા નામમાં શ્વેતાંબર મતમાં પ્રસિદ્ધ એવાં શ્રમણ ભગવાન વગેરે નામ નથી લેવાયાં. સંભવ છે કે, શ્વેતાંબર મતનો અભ્યાસ વિદ્વાન લેખકે ઓછો કર્યો હશે પરંતુ તેઓશ્રીએ તટસ્થ રીતે એક વસ્તુ જોવા જેવી છે કે શ્વેતાંબર પક્ષ પાસે ખાસ તીર્થંકર ભગવાન પાસેથી 'ત્રિપદી' મેળવી પ્રભુની હાજરીમાં જ ગણધર મહારાજાએ રચેલાં અને પ્રભુથી પ્રમાણિત થયેલાં અંગ નામનાં આગમો છે. તેમજ એના પર વિવેચન, તે વિવેચન પર વિવેચન વગેરે ક્રમસર રચાતાં આવેલાં તે નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકાના રૂપમાં આજેય મોજુદ છે. સાથે જ મહાવિદ્વાન સિદ્ધસેન દિવાકર, જિનભદ્રગણી ક્ષમાશ્રમણ, દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ, હરિભદ્રસૂરિજી, હેમચંદ્રાચાર્ય વગેરેએ રચેલા અતિઅદ્ભુત સન્મતિતર્ક, વિશેષાવશ્યક, નંદી અનુયોગ, અનેકાંતજયપતાકા, યોગદૃષ્ટિ, યોગબિન્દુ, પંચવસ્તુ, ધર્મબિન્દુ, તેમજ કલિકાળસર્વજ્ઞ આ. શ્રી. હેમચંદ્રસૂરીશ્વરજી કૃત ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, સિદ્ધહેમવ્યાકરણ, પ્રમાણમીમાંસા વગેરે પ્રકાંડ શાસ્ત્રોનો પણ તે વારસો ધરાવે છે, જેમાં જૈનધર્મને માન્ય તત્ત્વોની, ચરિત્રોની, પ્રકરણોની કિંમતી વાતો લખેલી છે.

આમાં 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'માં ભગવાન મહાવીરનું વિસ્તૃત ચરિત્ર લખેલું છે. તે સિવાય અતિપ્રસિદ્ધ કલ્પસૂત્ર, આચારાંગ, ભગવતી, આવશ્યક, મહાવીરચરિત્ર વગેરેમાં એમના જીવનની કેટલીય વાતો આલેખેલી છે. આ બધામાંથી મળતી હકીકત સાથે શ્રી. ટીકેકરે નીચે લખેલી ઘટનાઓ મેળ નથી ખાતી.

(૧) એમણે લખ્યું છે કે 'તીર્થંકરની માતા જે ચૌદ સ્વપ્ન જુએ છે.' તે સ્વપ્નની જાતનું વર્ણન કરવામાં નથી આવ્યું, માત્ર સ્વપ્નની વસ્તુ કહી છે. શ્રીકલ્પસૂત્રમાં દરેક સ્વપ્નનું વિસ્તૃત વર્ણન છે. (૨) એમણે જ આગળ લખ્યું છે કે 'મહાવીરના જીવન અંગેની ઘટનાઓ ઘણી મળતી નથી' આ લખાણ પણ ઠીક નથી. પ્રભુ શ્રીમહાવીર દેવના જીવનની ઘણી ઘટનાઓ ઉક્ત ગ્રંથોમાં લખેલી મળે છે. (૩) વળી લખે છે કે, "શ્વેતાંબર દિગંબરને સૈદ્ધાંતિક નિયમો અંગે બહુ તફાવત નથી અને શો રીતે વિરોધ ચાલ્યો તેનું કોઈ લક્ષણ કે અહેવાલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી." આ પણ તેમના અભ્યાસની અવ્યાપકતા સૂચવે છે. 'સ્ત્રીમુક્તિ, સર્વજ્ઞભોજન, સવસ્ત્રચારિત્ર્ય, મૂલ આગમપ્રામાણ્ય, પ્રાયશ્ચિત્તપ્રકરણ, વગેરે અંગે મહાન સૈદ્ધાન્તિક મતભેદ છે બંને પક્ષની જુદાઈની શરૂઆતનાં કારણો પણ બંને પક્ષના શાસ્ત્રોમાં વર્ણવેલાં મળે છે.

શ્રી. ટીકેકરે મહાવીરસ્વામીના બાલપણામાં ગાંડા હાથીનો અધિકાર મૂક્યો છે. પણ તેના બદલે બાળકો સાથેની આમલકીક્રીડામાં મોટા સાપનો અધિકાર આવે છે; તેમ મહાન પિશાચનો પ્રસંગ પણ આવે છે.

પછી લેખકે જે લખ્યું કે, 'પ્રભુ મહાવીર ત્રીસ વરસ જે ઘરમાં રહ્યા તે પોતે આગળ શું કરવાના છે, તેનું કાંઈ પણ ચિહ્ન બતાવ્યા વિના રહ્યા.' આ કથન પણ ઠીક નથી. કેમકે ભગવાનના માતાપિતા વગેરે કુટુંબીઓ જાણે છે કે આ તીર્થંકર થવાના છે તેથી ચારિત્ર્ય લઈ ભિક્ષુ બનવાના છે. ઘરમાં ભગવાનનું જીવન જ બાલપણથી વૈરાગ્યભર્યું છે. માટે તો પ્રભુને લગ્ન કરવાનું સમજાવતા માબાપને કેટકેટલી મહેનત પડે છે.

લેખક જે લખે છે કે, "મહાવીર ૩૦ વર્ષ સુધી સંસારમાં રહ્યા, તેનું મોટે ભાગે કારણ એ કે સંસાર છોડવાની અને ચારિત્ર લેવાની લગની એમને ઉત્કટ નહોતી." એ પણ અયુક્ત છે કેમકે પ્રભુ તો આજન્મ મહાવિરાગી છે. માત્ર માતાપિતા અકાળ મૃત્યુ ન પામે એ માટે ઘરમાં રહ્યા છે. તીર્થંકરો જન્મથી અવધિજ્ઞાનવાળા હોય છે. તે આવું જાણવા છતાં દીક્ષા લે અને અનર્થ થાય એ એમના જીવનમાં અનુચિત ગણાય, તેમ જ માતાપિતાની તેથી દુર્ગતિ થાય એ પણ અનિચ્છનીય ગણાય; માટે જ પ્રભુ ઘરમાં રહ્યા હતા.

આગળ લેખક લખે છે કે, "મહાવીર તપ દરમિયાન વસતિથી દૂર રહેતા, કેમકે એમણે પોતે પોતાની જાતને લોકમાં અમાન્ય બનાવી હતી. કારણ કે કાં તો એ વસ્ત્રરહિત હતા અથવા પોતે કદરૂપા અને મેલા દેખાતા હતા." આ લખાણ દલીલ વિનાનું છે. કેમકે જો વસ્ત્ર રહિતપણાથી અગર કદરૂપા કે મેલાપણાથી વસતિમાં નહોતા આવતા, તો કૈવલ્યદશા પછી શી રીતે આવી શક્યા? ખરી રીતે કારણ જુદું છે. તે એ કે પોતે ધ્યાનસાધના માટે એકાંતમાં રહેતા. વળી, સર્વજ્ઞ થયા પહેલાં તેઓ કોઈને ઉપદેશ આપતા પણ નહિ.


આગળ લેખક બહુ વિસ્મયકારી લખે છે કે, "મહાવીરે તપસ્યાથી જ્ઞાનરૂપે ચોક્કસ શું મેળવ્યું, અગર શું નવું શિક્ષણ ઉપદેશ્યું તે સ્પષ્ટ જણાતું નથી." લેખક એટલું જાણતા નથી કે મહાવીરે તપસ્યાથી જ્ઞાનાવરણ કર્મ ખપાવી લોકાલોક-પ્રકાશક કેવળજ્ઞાન મેળવ્યું. એથી જગતમાં સર્વકાળના સર્વપદાર્થ અને પ્રસંગોને જાણનારા બન્યા. એમાં જીવોનાં છૂપાં પણ કૃત્ય, ભોજન, સંસારમાં ભ્રમણ વગેરે સર્વ બનાવો તથા જગતના જ દ્રવ્યોના વિવિધ ભાવોનું સાક્ષાત્દર્શન આવે છે. આમાં શું જાણ્યું એ ક્યાં અચોક્કસ છે? ત્યારે એમણે નવું શિક્ષણ શું ઉપદેશ્યું એ સ્પષ્ટ જણાતું નથી એ કથન પણ ખોટું છે. કેમકે શાસ્ત્રો કહે છે કે જગત્ મિથ્યાત્વ, અવિરતિ, કષાય વગેરેના લૌકિક જીવનમાં પડેલું હતું, તેને પ્રભુ મહાવીરે સમ્યક્ત્વ, વિરતિ (વ્રત), ઉપશમ વગેરેનું નવું શિક્ષણ ઉપદેશ્યું.

અલબત્ત, કોઈ પણ તીર્થંકર પૂર્વના તીર્થંકરથી નવું કહેતા નથી, કેમકે તીર્થંકર માત્રને પોતાના અનંત જ્ઞાનમાં જે આત્મહિતનો માર્ગ પ્રત્યક્ષ દેખાય છે, તે સાંગોપાંગ બધો ઉપદેશવાનો હોય છે. પરંતુ લોકમાં આવી ગયેલી અજ્ઞાનતા અને પ્રમાદને હઠાવવા નવા તીર્થંકર પુનઃશાસન સ્થાપના કરે છે, અને વર્તમાન જગતની દૃષ્ટિએ નવો ઉપદેશ કરે છે.

ઉપર્યુક્ત હકીકતોને ધ્યાનમાં રાખી લેખક ભગવાન મહાવીરના ચરિત્ર વિશે વિચારે તો આવી ભૂલો થવાનો સંભવ ઓછો રહે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# માનવતાનો મૂક સંદેશ

લેખક : પૂજ્ય પં. શ્રી કનકવિજયજી ગણિ

★

ઝાડ, ફળ, ફૂલ પૃથ્વી, નદી, પર્વત, સૂર્ય, ચંદ્ર તથા મેઘ; આ બધાં સૃષ્ટિનાં સ્વરૂપો પાસેથી માનવતાને જે આદર્શ પ્રેરણા પ્રાપ્ત કરવાની છે, તે કેટ-કેટલી ભવ્ય, ઉદાત્ત, તથા મહાન છે, જેનું વર્ણન શબ્દાતીત છે.

સ્વાર્થત્યાગ, સેવાભાવ, પરોપકાર, નમ્રતા, સૌજન્ય, તથા ઔદાર્ય આ બધી ગુણસંપત્તિ આ પ્રકૃતિના રૂપો પાસેથી આપણે શીખવા જેવી નથી શું ?

આજે આપણે આટલું કરી શકીએ તો બસ છે.

*

જેઠ મહિનાનો ધોમ તડકો ધખતો હતો. આકાશમાંથી અંગારાની વર્ષા જાણે વરસી રહી હતી. ચોમેર ઉષ્ણ લૂ વાઈ રહી હતી. સાંજના લગભગ સાડાચાર વાગ્યાનો સમય હતો, છતાં ગગનના પશ્ચિમ ક્ષિતિજ તરફ ઢળતા સૂર્યે હજુ પણ એની ગરમીને ઓછી નહોતી કરી. કેમ જાણે માનવસંસારના પાપો, દંભ તથા જુઠાણાં પ્રત્યે મૂક શ્રાપ વરસાવવા માટે જ ન હોય શું ! ધાર્યા મુકામે પહોંચવાની ગણત્રીએ સવાર સાંજના વિહારો કરવાનો અમે નિર્ણય કર્યો હતો. સવારના લગભગ ૮ માઈલ કાપ્યા પછી સાંજના ૭ માઈલ અમારે જવાનું હતું. રસ્તામાં એવું અનુકૂળતાવાળું અન્ય સ્થાન આવતું નહોતું.

અમે નીકળ્યા તો ઉત્સાહથી, પણ તાપ સખત પડતો હતો. ચારે બાજુ રેતી અને સપાટ જમીન સિવાય કાંઈ જ નજરે નહોતું પડતું. હિંમત, શ્રદ્ધા તથા મનોબળની મૂડી પર અમે આગળ વધવા ડગ ભર્યાં. પરસેવાથી રેબ-ઝેબ થતા અમે માર્ગમાં આરામ સ્થાનની પ્રતીક્ષા કરવા લાગ્યા. દૂર દૂર નજર નાંખવા છતાં ઝાડ કે ઝાડી જેવું કાંઈ જણાતું ન હતું. આમ કરતાં લગભગ બે ત્રણ માઈલ કાપ્યા હશે, અચાનક એક નાનું પણ ઘટાદાર વૃક્ષ અમારી નજર સમક્ષ જણાયું.

અમારા પગમાં જોર આવ્યું. હૃદયમાં આશાનો સંચાર થયો. થાકથી ત્રસ્ત અમારી મુખમુદ્રા પર આનંદની નાનીશી સુરખી છવાઈ. અમે તે ઝાડની નજીક જઈ પહોંચ્યા. હાશ કરી, જમીન પ્રમાર્જી યથાવિધિ આસનો પાથરી ત્યાં વૃક્ષની શીળી સુખદ છાયામાં આરામ કરવા બેઠા.

વનવગડાના ઉજ્જડ વાતાવરણમાં, શૂન્ય ભેંકાર માર્ગમાં, ધોમ ધખતા તડકામાં જતા આવતા મુસાફરોને શીતલતા આપી, તેના તન, મનના તાપોને શમાવનાર શાંત તપસ્વીની જેમ, એકલપણે ઊભેલા આ વૃક્ષને અમે મૂકપણે જોઈ રહ્યા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાતાવરણ શાંત હતું. અમારો પરિશ્રમ ઓછો થયો ને અમે કાંઈક સ્વસ્થતા અનુભવી.

એટલામાં અમને ઉદ્દેશીને મૂકભાષામાં આ વૃક્ષે અમારી સાથે વાત કરવા માંડી: એણે કહ્યું: " ભાઈ પ્રવાસીઓ! બેસો; મારી શીળી છાયામાં તમે નિરાંતે આરામ કરો, કોઈ જાતનો સંકોચ રાખતા નહિ, સંસારમાં અમે ને તમે સહુ વિરાટ દુનિયાના પ્રવાસે નીકળેલા મુસાફરો છીએ. આપણે શું સાથે લાવ્યા છીએ, ને શું સાથે લઈ જવાના છીએ? નિઃસ્વાર્થભાવે પરોપકાર કરવો અને પરમાર્થ કાજે જીવી જાણવામાં જ જીવનની મહત્તા છે. આ સિવાય જન્મીને બીજું કરવા જેવું છે શું?" અમારી સામે આર્જવભરી દૃષ્ટિ ફેંકતા વૃક્ષે અમને જીવનનો મર્મ સમજાવ્યો. વૃક્ષની આ વાતને અમે ધ્યાનપૂર્વક સાંભળતા રહ્યા. બોલવા કરતાં સાંભળવામાં અમને વધુ રસ પડયો.

તેણે પોતાની વાત આગળ લંબાવી: " વહાલા મુસાફરો! તમને મારી આ વાત હસવા જેવી લાગશે. કેમ ખરું ને? પણ બોલવા કરતાં જીવનમાં મૂકપણે આચરી બતાવવામાં અમને વધારે મઝા આવે છે. તમે માનવો આજે ગર્જો છો ઘણું અને વરસો છો ઓછું. આ તમારી પ્રકૃતિ અમને ગમતી નથી. જૂઓ! અમારા જીવન પ્રત્યે વિચારપૂર્વક દૃષ્ટિક્ષેપ કરો! આ ધોમ તાપમાં અમે સ્વયં તપીને અમારા આશ્રયે આવનારને અમે શીળી છાયા આપીએ છીએ. ચોમાસામાં ધોધમાર વરસાદ અમારા પર તૂટી પડતો હોવા છતાં અમારી પાસે આવનારનું અમે જતન કરીએ છીએ. ગમે તેવા શિયાળામાં અમે ઠંડીથી ધ્રૂજતા પ્રવાસીઓને થોડી હૂંફ આપીએ છીએ. આ કાંઈ અમારી મહત્તાનાં ગુણગાન કરવા માટે અમે નથી કહેતા, પણ તમારા માનવભાઈઓની આંખો ઉઘાડવા માટે જ આજે આ બધું તમારી આગળ કહેવાની અમને ફરજ પડી છે."

તે આંબાએ અમને શરમભારથી નીચું જોવાનો પ્રસંગ લાવી મૂકયો. સ્વાર્થ ખાતર અનેક નિર્બળો કે હીન માનવોનાં સુખોને કચડી રહેલા આજના માનવસમાજને આ ઓછું શરમાવવા જેવું હતું! માનવસમાજનો બચાવ કરવા જેવું અમને તે વેળા કાંઈ જણાયું નહિ. અમારી આંખો સામે આજના ભણેલા, સુધરેલા માનવોના હાથે થઈ રહેલા અનેક અત્યાચારો પાપો અને અન્યાયો ચઢયા. અમને એમ થયું કે માનવોની આ કેવી અધમતા!

ત્યાં તો પેલા વૃક્ષે ફરી પોતાની વાતનો તાણો આગળ લંબાવ્યો: " કેમ પથિકો! તમે શું વિચાર કરો છો? અમે તમારા કરતાં હીણા છીએ, એમ તમે માનો છો? પણ ભલાભાઈ! આજે તો તમારી માનવજાતે માનવતાનું દેવાળું કાઢયું છે. અમારા જીવનની બધી બાજૂઓને ધ્યાનપૂર્વક જૂઓ. સાંભળો, અમે અમારાં મીઠાં, સ્વાદુ શીતળ ફળો અમારા ઉપયોગમાં કોઈ દિવસ લેતા નથી, અમારી છાંય, ડાળી, શાખ, થડ, ફલ કે ફૂલ—આ બધું કેવળ અમે અન્યને ખાતર જ ધારીએ છીએ એની તમને ખબર છે ને? જીવનની મીઠાશ એમાં જ રહેલી છે. જાતનું ભરવામાં કે પંડના જ સ્વાર્થની ચિંતામાં તમારો માનવસંસાર આજે કેટકેટલો દુઃખી, દીન તેમજ આપત્તિગ્રસ્ત બન્યો છે? તમે આજે આ વસ્તુનો વિચાર કર્યો છે? સંસારના તમામ દુઃખ, દર્દો, આ ઉપાધિઓ, પોતાની જાતનું કેવળ સારું કરવાની દુષ્ટ ભાવનામાંથી જન્મ્યાં છે, અને સુખ, શાંતિ કે આબાદી અન્યોનું ભલું કરવામાં રહેલી છે, એનો જરા વિચાર કરો છો?"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમને વિચાર કરવા માટે આમ બે શબ્દો કહેતાં તેણે પોતાની હકીકત આગળ લંબાવી: "જૂઓ! નાના કે મોટા, ગરીબ કે શ્રીમંત, ઊંચ કે નીચના કોઈપણ જાતના ભેદભાવ વિના સમસ્ત માનવજાતને અમે એકસરખી શીતલ, મધુર છાયા આપીએ છીએ. અમે કોઈ પણ દિવસે ભેદભાવ જેવું શીખ્યા જ નથી. અરે! અમારા જીવનમાં આ સ્વભાવ પ્રકૃતિગત વણાઈ ગયો છે. માટે જ અમને કોઈના પર ઉપકાર કરવાની, કોઈનું પણ ભલું કરવાની વૃત્તિ થઈ આવે છે. અમારું ખરાબ કરનારનું પણ સારું કરવા અમે સદા ઉત્સુક રહીએ છીએ. પથ્થર ફેંકનારને કે અમારા અંગ પર કુહાડાના ઘા કરનારને અમે શું આપીએ છીએ એ તો તમે જાણો છો ને? કેટકેટલા પરિશ્રમથી, કેટકેટલી લાગણીથી અમારા અંગ પર તૈયાર કરેલાં અમારા વહાલા સંતાન જેવાં તાજાં સુમધુર સુંદર ફળો અમે તમને ભેટ ધરીએ છીએ. કેટકેટલા વહાલથી, કેટકેટલી મીઠાશથી! અને છતાં અમે કદી ઘમંડ કર્યો જાણ્યો નથી. અમે જેમજેમ ફલ-ફૂલથી સમૃદ્ધ, બનીએ છીએ તેમતેમ વધુને વધુ નમ્ર બનીએ છીએ. આ બધું હોવા છતાં તમે માનવો આજે અમારા જીવનમાંથી કાંઈ પણ પ્રેરણા લેતાં શીખ્યા નથી. એનું અમને ભારોભાર દુઃખ થાય છે. અરે! તમે આજે તમારા પેટ, પ્રતિષ્ઠા કે પટારા ખાતર અમને પણ મૂલથી ઉખેડીને ફેંકી દેતાં અચકાતા નથી. જમીન-માંથી ફાલી-ફૂલીને વિસ્તાર પામેલા અમારા વંશવેલાનું નિકંદન કાઢતાં તમારી લાગણીના કોમળ તાર કેમ કંપતા નથી? તમને પશ્ચાત્તાપ પણ કેમ નહિ થતો હોય?"

'પ્રવાસી સાધુઓ!' અમને ઉદ્દેશીને હવે એણે આગળ કહેવા માંડ્યું: 'તમારે જવાનું લાંબું હશે, એ હું સમજી શકું છું. આજે તમારા જેવા સંતપુરુષો મારી છાયામાં આરામ મેળવી જે સ્વસ્થતા મેળવી રહ્યા છો તેથી મને અપૂર્વ આનંદ થયો છે. મારું જીવતર આજે ધન્ય બન્યું છે. તમે જગતમાં સાધુતાનો પવિત્ર પ્રકાશ પાથરવા કાજે આટ-આટલાં દુઃખો, વિપત્તિઓ તથા પરિશ્રમો વેઠી રહ્યા છો. ખરેખર, સાધુસંગ એ સંસારના સ્વાર્થભર્યા કાલકૂટ ઝેરને મારનારો અમૃતકુંભ છે. પણ આજની દુનિયાને સાધુતાની વાત નહિ ગમે. જ્યાં માનવતા જ વિસારે પડી હોય, માનવતાની સામે જ્યાં ભયંકર દ્રોહ રમાતો હોય, ત્યાં સદ્ધર્મ, સાધુતા તેમજ આત્મકલ્યાણની વાતો ક્યાંથી પચશે! આજે માનવ પોતાના માનવધર્મને, માનવતાના પ્રકાશને ભૂલ્યો છે. દાનવતાના, પશુભાવના ઘોર અંધકારમાં તે આથડી કુટાઈ રહ્યો છે. માટે આપ સહુ સાધુપુરુષો! આજની દુનિયાને માનવતાનો પ્રકાશ આપજો. ભાન ભૂલ્યાઓના રાહબર બનજો, માર્ગ ભૂલ્યાની મશાલ બની રહેજો."

અમારે લાંબો પંથ કાપવાનો હતો, ગરમી ઓછી થવા માંડી હતી. સૂર્ય કાંઈક ઢળતો પડવા લાગ્યો હતો. ધરતી પર શીતલ પવનની મંદ-મંદ લહેરો વાઈ રહી હતી. જવા માટેની અમારી ઉત્સુકતા જાણી કાંઈક પોતાની ડાળને વધુ ઝુકાવી તેણે અમને જાણે વિદાય આપતાં કહેવા માંડ્યું: "વારુ ત્યારે, ફરી આ બાજુ આવજો અને અમારી આ બધી વાતો તમારી પાસે આવનાર માનવસમાજને, તમારી આજુબાજુની દુનિયાને જરૂર કહેતા રહેજો. બડાઈ ખાતર આ બધું અમે બોલતા નથી, પણ જ્યારે માનવસંસારના આ બધા પાખંડો, દંભો, તેમજ સભ્યતાના નામે ચાલતા ઘોર અત્યાચારો નજરે જોવાતા નથી, કાને સંભળાતા નથી, ત્યારે રહી શકાતું નથી. એટલે જ તમારા જેવા સાધુસંતોની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમક્ષ અમારી વાતો અમે અમારી મૂકભાષામાં આ રીતે કહેવા લલચાયા છીએ. પવિત્રતાનાં, નિર્મલતાનાં ઝરણાં સમાં, પરોપકારી પરમાર્થમાર્ગના પથિક સાધુસંતો જ જગતને માનવતાનો સંદેશ આપી શકે તેમ છે, માટે મેં આ બધું તમને કહ્યું છે. જગતને મારા નામે તમારી ભાષામાં આ મારી મૂકવાણીને તમારે જે રીતે વાચા આપવી હોય તે રીતે આપજો."

આટલું બોલી તે વૃક્ષ પાછું પૂર્વની જેમ મૌન રહ્યું. ધૂમ તડકામાં સંતપ્ત તન-મનને આરામ, શાંતિ તથા શીતળતા આપનાર એ વૃક્ષે અમને આ ઘડીમાં જે કાંઇ તેની મૂકભાષામાં કહી દીધું તે હજુયે અમારા સ્મૃતિપટમાં સંઘરાઈને પડ્યું છે. ક્યારેક વળી તેને શબ્દદેહ આપવા મન થઈ જાય છે; ત્યારે માનવસંસારમાં ભૂલાઇ ગયેલી, આપણી આસપાસમાંથી ખોવાઇ ગયેલી માનવતાને જાગ્રત કરવા આ દિશામાં મારો થોડોઘણો પ્રયત્ન કરું છું. પણ ખોવાઈ ગયેલી માનવતા ક્યારે પ્રગટશે એની હાલ તો મારે રાહ જ જોવાની રહે છે.

તે દિવસે જીવન વિષે મને જે કાંઈ જાણવા મળ્યું તે ખરેખર મારા માટે તો નવો જ પ્રકાશ હતો.

[ અનુસંધાન પૃષ્ઠ: ૨૦૯ થી ચાલુ]

હેમહંસ, પંડિત વિવેકસાગર, રાજવર્ધનસૂરિ, ચારિત્રરાજસૂરિ, પંડિત પુણ્યરાજ, શ્રુતશેખર, વીરશેખર, સોમશેખર, જ્ઞાનકીર્તિ, શિવમૂર્તિ, ધર્મમાન, જ્યોતિર્વિદ્ હર્ષમૂર્તિ, હર્ષકીર્તિ, હર્ષભૂષણ, હર્ષવીર, જયશેખરસૂરિ, અમરસુંદર, લક્ષ્મીભદ્ર, વ્યાકરણવેત્તા સિંહદેવ, વ્યાખ્યાનકળાકોવિદ પંડિત રત્નપ્રભ, શીલભદ્ર, નંદિધર્મ, શાંતિચંદ્રગણિ, વિનયસિંહગણિ, અને હર્ષસેનગણિ વિષે ઉલ્લેખ છે. ત્યાર બાદ સોમસુંદરસૂરિના ગચ્છની તેમજ એ સૂરિની પ્રશંસા કરાઈ છે. અંતમાં આ કાવ્ય વિ. સં. ૧૫૨૪માં રચાયું અને એનું સંશોધન સુમતિસાધુએ કર્યું. એ બાબત રજૂ કરી આ સર્ગની અને સાથે સાથે આ કાવ્યની પૂર્ણાહુતિ કરાઈ છે.

આ ઉપરથી જોઈ શકાશે કે આ કાવ્ય સોમસુંદરસૂરિનું ચરિત્ર રજૂ કરે છે અને પ્રસંગવશાત્ પાંચસો-છસો વર્ષ ઉપરની સામાજિક પરિસ્થિતિનો-એ સમયના ભોજન-સમારંભનો, સૂરિ વગેરે પદવીઓને અંગેના મહોત્સવોનો, વિવિધ તીર્થ-યાત્રાઓનો-સંઘોનો પરિચય કરાવે છે.

**પ્રકાશન**—"જૈન જ્ઞાન પ્રસારક મંડળ" તરફથી પ્રસ્તુત કાવ્ય ગુજરાતી ભાષાંતર સહિત સને ૧૯૦૫માં છપાવાયું છે ખરું, પરંતુ એમાં અશુદ્ધિઓ છે અને ગુજરાતી ભાષાંતર તો કેટલીકવાર ગેરસમજ ઊભી કરે તેવું છે. એથી આ શબ્દ-લાલિત્યથી વિભૂષિત કાવ્ય ઐતિહાસિક દૃષ્ટિએ પણ ઉપયોગી હોવાથી એનું વિશિષ્ટ ટિપ્પણ સહિત સમુચિત સંપાદન થવું ઘટે અને બને તો એનો ગુજરાતી અનુવાદ પણ પ્રકાશિત કરાવો જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનસિક પાપની ભયંકરતા

## [ સંસારની ભીષણતા ]

લેખક : પૂ. મુનિરાજ શ્રીમહાપ્રભવિજયજી
( પૂ. આ. શ્રી. વિજયરામચંદ્રસૂરીશ્વરજી અંતેવાસી )

आत्मभूपतिरयं सनातनः, पीतमोहमदिराविमोहितः ।
किङ्करस्य मनसोऽपि किङ्करैरिन्द्रियैरहरहः किङ्करीकृतः ॥

**શા**શ્વત ભૂપતિ આત્મા મોહરૂપી દારૂ પી મોહિત થઈને પોતાના સેવકરૂપ–મનના દાસો રૂપ ઇંદ્રિયોથી દાસાનુદાસ બને છે.

આત્મા ઇન્દ્રિયથી પ્રાપ્ત થતાં સુખમાં આસક્ત બની અઢારે પાપસ્થાનકની રમતો રમે છે અને ઘોર સંસારમાં દુઃખાકુલ બની ચિરકાળ પરિભ્રમણ કરે છે. કરેલાં કુકર્મોનું ફલ આત્મા ભોગવે એમાં આશ્ચર્ય નથી. કરેલાં કુકર્મ અન્યને દષ્ટિપથમાં આવે છે, જયારે ચિંતવેલાં કર્મો આવતાં નથી. તોપણ ચિંતવેલ કુકર્મનું ફલ કરેલા કુકર્મના ફલ કરતાં અધિક ભયંકર અને દુઃખદાયક છે.

આ વસ્તુના પ્રતિબોધ કરનારા શ્રીવીતરાગ પરમાત્માના શાસનમાં અનેક દષ્ટાંતો છે. તેમાંથી સંસાર–રસિક અજ્ઞાન આત્માને પણ સરળતાથી સમજાવી હૈયામાં સારી રીતે જ ચાવી, તેવા પાપથી ખસેડવામાં ઉપયોગી દષ્ટાંતનું વર્ણન કરવું યોગ્ય લાગે છે. હિંસાના અને વિલાસના મનોરથ કે સંકલ્પવિકલ્પ કરનાર આત્માઓએ પોતાના જ આત્માને ભયંકર દુઃખની ખાઈમાં ધકેલ્યો છે. એ વિશે બે દષ્ટાંતો જોઈએ.

[ ૧ ]

### હિંસાનો મનોરથ કરનાર પોતે દુઃખી થાય છે.

એકદા મહીપાલ નરપતિની કૌશાંબી નગરીના ઉદ્યાનમાં અવધિજ્ઞાની વરદત્ત મુનિ પધાર્યા. ચતુર્વિધ સંઘ રાજા વગેરે સાથે દેશનાના શ્રવણ અને વંદન માટે તેમની પાસે ઉપસ્થિત થયો. વૈરાગ્યવાહિની દેશનામૃતની પરબ માંડતા મહાત્માએ ફરમાવ્યું કે, જેમ ચંદ્ર રાજા અને રંકના ઘર ઉપર જ્યોત્સ્ના ફેલાવે છે, તેમ સ્યાદ્વાદીઓ, અપરાધી અને નિરપરાધીની દયા કરે છે. આવી દેશના આપતા મહાત્માને અકસ્માત્ હસતા જોઈ, સભ્યજનો વિસ્મય પામી બોલ્યાઃ " સાહેબ! શાસ્ત્રમાં કહેલું છે કે હાસ્ય કરવાથી સાત–આઠ કર્મનો બંધ થાય છે ત્યારે આપના જેવા મોહને જીતનારને વિના પ્રસંગે હાસ્ય કેમ આવ્યું? મુનિએ જણાવ્યુંઃ " આ લીંમડાના ઝાડ ઉપર બેઠેલી સમળી પૂર્વભવનાં વૈરથી રોષ લાવી મને મારી નાખવા ઇચ્છે છે. કૌતુકથી કારણ પૂછતાં મહાત્માએ પરિષદ્ અને સમળીના પ્રતિબોધ માટે કહ્યું:—

**પતિને ઝેર આપતાં શેઠાણીના પ્રાણ સર્પથી ગયા:**

શ્રીપુર નગરમાં ધર્મપ્રિય ધન્ય શ્રેષ્ઠીની સુંદરી નામે વ્યભિચારિણી પત્ની હતી. એક વખત જારે તેને કહ્યું: " આજથી મારી પાસે તારે આવવું નહિ. તારા પતિનો મને ભય લાગે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે.” તે કહે: “પ્રિયતમ! એવું ન બોલો. થોડા વખતમાં જ હું આપને નિર્ભય કરીશ.” પતિના પ્રાણ લેવા ઝેરવાળો દૂધનો પ્યાલો તૈયાર કરી ઓરડામાં અંધારા ખૂણે કોઠીઓની વચ્ચે એ સંતાડ્યો. પતિ જમવા બેઠા ત્યારે લેવા ગઈ. પ્યાલો લેવા જેવો હાથ નાખ્યો તેવો જ સર્પ કરડ્યો. ચીસ પાડી, ચકરી ખાઈ પડી અને તરત મરી ગઈ. શેઠાણીના પડવાના અવાજથી શેઠ સંભ્રમથી ભોજન કરતા ઊઠયા. “આ શું?” એમ બોલતા તેની પાસે ગયા. તેને મરેલી જોઈ. તેની ઉપરના સ્નેહથી, તેના દુશ્ચરિત્રને નહિ જાણનાર શેઠ વિલાપ કરવા લાગ્યા.

**સુંદરી ક્યાં ગઇ?**

તે સુંદરી મરીને સિંહ થઇ અને ધન્ય શેઠ વિરાગ પામી દીક્ષિત થઈ, કોઈ વનમાં કાઉસગ્ગ ધ્યાને રહ્યા. ત્યાં સિંહે આવી ચડી વૈરથી મુનિને મારી નાખ્યા. ધન્ય મુનિ બારમા દેવલોકે ગયા જ્યારે સિંહ ચોથી નરકે ગયો. ‘ખાડો ખોદે તે પડે.’ એ ન્યાયે બીજાને મારી નાખવાનો વિચાર માત્ર કરતાં પણ શેઠાણી અણધારી મરી અને સિંહ થઈ. સિંહે મુનિને માર્યા તો પોતાને ચોથી નરક મળી, જ્યારે મુનિને સમભાવ રાખતાં આવડ્યો તો આ વિકટ પ્રસંગે પણ આત્મસાધના કરી બારમો દેવલોક મેળવ્યો.

**દેવલોકમાંથી આવી ધન્યમુનિ ધર્મરસિક વરદત્ત શેઠ બન્યા:**

ધન્ય મુનિનો જીવ બારમા દેવલોકથી ચ્યવી ચંપા નગરીમાં પરોપકારરસિક, ધર્માત્મા દત્તશેઠનો વરદત્ત નામે પુત્ર બન્યો. તે બાલ્યવયથી વિવેકી, દાતા અને દયાળુ હતો. થોડા સમયમાં સમ્યક્ત્વ પામ્યો. સુંદરીનો જીવ ચોથી નરકથી નીકળી, અનેક ભવ ભમી, વરદત્તની દાસીનો પુત્ર થયો. વરદત્ત ઉપર વૈર રાખતો પણ તેનો પ્રેમ સંપાદન કરવા થોડી દયા પાળવા લાગ્યો. શેઠે તેને સાધર્મિક માની પોતાના ભાઈ તરીકે સ્થાપ્યો અને શ્રેષ્ઠિભ્રાતા તરીકે પ્રસિદ્ધ થયો પણ શેઠને મારી નાખવા પ્રયત્ન કરતો.

**હાથનું કર્યું હૈયે લાગ્યું:**

એક વખતે શયન વખતે શેઠને ઝેર નાખેલ પાન તેણે આપ્યું પણ ચઉવિહાર હોવાથી ન ખાતાં ઓશિકે મૂક્યું. સવારે શેઠ મંદિરે ગયા. શેઠની સ્ત્રીએ તે પાન દાસીપુત્રને દીયરજી કહીને આપ્યું. દાસીપુત્ર તેના રૂપ, અલંકાર અને વાણીથી મોહ પામી ખાઈ ગયો. તે મરીને સમળી થયો.

દાસીપુત્રને મરેલ જોઈ વૈરાગ્ય પામી લક્ષ્મી ધર્મમાર્ગે વાપરી, વરદત્ત શેઠે દીક્ષા લીધી. તે જ હું છું. સમળી જાતિસ્મરણ પામી મુનિ પાસે આવી ચરણે પડી. અનશન સ્વીકારી, સ્વર્ગે ગઈ. આ જોઈ રાજા વગેરેએ દયાધર્મ સ્વીકાર્યો.

**આ રીતે હિંસાના મનોરથ માત્રથી શેઠાણી સર્પદંશથી મરી સિંહ થઈ, ત્યાંથી ચોથી નરકે જઈ અનેક ભવ ભમી દાસીપુત્ર થઈ. અન્યની હિંસાના કુકર્મથી પોતે જ મરી સમળી થઈ.**

આ રીતે માનસિક પાપનું પણ ભયંકર પરિણામ સમજી બહુ વિચાર કરવા જેવો છે. આ જીવે સ્વરૂપથી કાંઈ જ કર્યું નથી, છતાંય અતિશય દ્વેષથી સંકલ્પ-વિકલ્પ કરી દુર્ધ્યાનથી તીવ્ર પાપકર્મ ઉપાર્જી ચિરકાળ સંસારચક્રમાં પરિભ્રમણ કરી કારમું દુઃખ અનુભવ્યું છે. આ રીતે સંસારની ભયંકરતા સમજી, અરે માનસિક કુકર્મનું પણ ખરેખર અતિદુઃખદાયક અને કષ્ટકારક પરિણામ સમજી શાણાએ તેને તજવા જરૂર પ્રયત્ન કરવો જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આથી પણ વધુ સચોટ અસરકારક દૃષ્ટાંત વિલાસના મનોરથ માત્રથી થતાં ભયંકર દુઃખોનું છે.

[ ૨ ]

## મનના પાપ વિશે સુનંદા અને રૂપસેન

**પૃથ્વી**ભૂષણ નગરના કનકધ્વજ રાજાની ગુણભંડાર અને રૂપઅંબાર સુનંદા નામની કુંવરીએ બાલ્યાવસ્થામાં પોતાની અગાશીમાંથી એક યુગલને જોયું. તેમાં પુરુષ–સ્ત્રી ઉપર આક્ષેપો કરી માર મારતો, સ્ત્રી પગે પડી કરગરી બોલતી: "નાથ! મારો કંઈ વાંક નથી. તપાસ કરો, નાહક ન મારો. હું કુલવાન્ અને નિર્દોષ છું." આવી યાતના જોઈ પુરુષજાતિ ઉપર દ્વેષ થતાં ન પરણવાની પ્રતિજ્ઞા કરી પરંતુ એ કરતાં સખીએ અટકાવી.

ચાર વર્ષ પછી ફરી રાજમહેલની અગાશી ઉપરથી દોગુંદક દેવ જેવી વિલાસક્રીડા કરતાં દંપતિને જોઈ સુનંદાને તીવ્ર કામોદય થયો. તેમાં રૂપવાન્ યુવાન શ્રેષ્ઠિપુત્ર રૂપસેનનું દર્શન થતાં ઉભયને પ્રેમ થયો, એ પછી ગાઢસ્નેહ બંધાતાં મિલનનો સંકેત થયો. કૌમુદી મહોત્સવ આવ્યો ત્યારે નગરના બધા લોકો અને રાજકુલ બહાર ગયું. પરંતુ સુનંદા અને રૂપસેન બહાનું કાઢી ઘેર રહ્યા. સંકેત પ્રમાણે રાત્રે રૂપસેન વિલાસ માટે નીકળ્યો. સુનંદાએ પોતાને ત્યાં બધી સ્વાગતની તૈયારી રાખી. બારીએ દોરડું નાખ્યું. દોરડું હાલતાં રૂપસેન ઉપર આવ્યો માની સખીએ ઉપર ચઢાવી દીધો. વિલાસ થયો. માતાએ ખબર લેવા મોકલેલી દાસી આવતાં એકદમ તેને વિદાય કરી દીધો. સુનંદા સગર્ભા બની. ગર્ભ ગળાવી નાખી રાજવી સાથે પરણી ગઈ.

એ સુનંદા અને રાજવી હરણનું માંસ ખાઈ રહેલા હતા ત્યારે મુનિયુગલ ભિક્ષા માટે આવ્યું, ત્યારે મુનિએ માથું ધૂણાવ્યું. એમ કરવાનું કારણ પૂછતાં મહાત્માએ કહ્યું: "કુકર્મ ચિંતનનું ફલ કુકર્મ કરેલાના ફલ કરતાં પણ વધુ દુઃખદાયક છે." સુનંદાએ કહ્યું : "આ સમજાતું નથી માટે કઈ રીતે, કોણે તેવું ફલ ભોગવ્યું તે અમારી ઉપર કૃપા લાવી કહો." મહાત્માએ કહ્યું: "વિષયકષાયને આધીન માણસ દુર્ધ્યાન કરી નરક નિગોદમાં જાય છે અને ત્યાં કારમાં દુઃખો ભોગવે છે. નરક નિગોદનું વર્ણન કરતાં, રાજાનું હૈયું કુણું થતાં કહ્યું : "મારા જેવા અધર્મીની શી દશા થશે ?" મુનિએ કહ્યું: "ત્રિકરણ શુદ્ધિથી આરાધેલ થોડો પણ ધર્મ ઉત્તમ ફલ આપે છે. માટે ધર્મની આરાધના કર.

સુનંદાએ કહ્યું: "ભગવાન્ આપના ઉપદેશથી સમજાયું કે સાચી રીતે તો કર્માનુસાર સુખદુઃખ મળે છે. તે કર્મનો કર્તા પણ જીવ છે. ત્યારે અન્ય ઉપર દોષારોપણ કરવું વ્યર્થ છે. તેથી આપ મારા પ્રશ્નનો ઉત્તર આપશો તો ઉપકાર જ થશે."

મહાત્માએ ખુલાસો આપતાં કહ્યું : "બાલ્યાવસ્થામાં યુગલ જોઈ પુરુષજાતિ ઉપર દ્વેષ થતાં ન પરણવાનું મન થયું. ફરી ચાર વર્ષ પછી દંપતિની દૈવિક વિલાસક્રીડા જોઈ કામોદય થતાં રૂપસેનને જોઈ, બન્નેને અનુરાગ થયો. વિલાસનો સંકેત થતાં બહાનું કાઢી કૌમુદી મહોત્સવમાં ન જતાં ઘેર રહ્યા. રાત્રિએ તારી બારી પાસે નીસરણી મૂકાવેલી. એક જુગારીએ તે દિવસે ધન ગુમાવેલું. તે દિવસનો લાભ લઈ ચોરી કરવા તે જ રાત્રે ફરતાં ફરતાં તારી બારી પાસે થઈને જતો હતો ત્યાં નિસરણી જોઈ કંઈ સંકેત સમજી ઉપર ચઢી આવ્યો. અંધારું અને એકાંતનો લાભ લઈ તારું શીલધન અને હાર લૂંટી ચાલ્યો ગયો. સુનંદા કહે: બરાબર છે ?" સુનંદાએ આતુરતાથી પૂછ્યું : "ત્યારે તે વખતે રૂપસેન નહિ આવેલ તો તેનું શું થયું ?"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાત્મા કહે: "રૂપસેન ભોગસામગ્રી લઈ અનેક મનોરથપૂર્વક વિલાસ માટે નીકળેલો. અડધે રસ્તે જ એક મોટું પણ જીર્ણ થયેલ મકાન પવનના ઝપાટાથી એકદમ પડતાં, તે તેની નીચે ચગદાઈ મરી ગયો. ત્યાંથી મૃત્યુ પામી તારી કુક્ષિમાં ગર્ભપણે ઉત્પન્ન થયો. બે માસે ગર્ભનાં ચિહ્ન જણાતાં ઔષધથી નાશ કરાવ્યો. મૃત્યુ પામી સર્પ બન્યો. ત્યાર પછી તારું આ રાજવી સાથે લગ્ન થયું. રાજા સાથે અહીં આવી. બગીચામાં તને જોઈ સર્પને રાગ થયો. તારી પાછળ દોડતાં દોડતાં તેં બૂમ પાડી. રાજસેવકોએ તેને મારી નાખ્યો. તે કાગડો થયો. એકદા નાટક ચાલી રહ્યું હતું, ત્યાં આવી, રાગથી તેને જોઈ સંગીતમાં ભંગ પડાવતાં રાજાએ તેને મારી નાખ્યો. તે મરી હંસ થયો. તમે વડવૃક્ષે બેઠેલાં, ત્યાં તે આવ્યો. એક કાગડો હંસ પાસે આવી ચરકી ઊડી ગયો. રાજાએ રોષથી બાણ માર્યું. હંસ મરીને હરણ થયો. રાજા સાથે તું શિકારની ક્રીડા જોવા ગઈ. તારા રાગથી નાચવા લાગ્યો. રાજાના હાથે મરાયો. તેનું જ માંસ તમે આ ખાઈ રહ્યાં હતાં."

આ સાંભળી સુનંદા અને રાજવીને વૈરાગ્ય થયો. સંસારની આસક્તિ છૂટી. મહાત્માએ જણાવ્યું: "જીવોએ દરેકની સાથે અનંતીવાર અનંતા સંબંધો બાંધ્યા છે અને સઘળી જાતિઓમાં ઉત્પન્ન થઈ અનંતીવાર મહાદુઃખી બન્યા છે."

રાજા-રાણી અને લોકોને વૈરાગ્ય થતાં મહાત્માનો ઉપકાર માની સ્તુતિ કરી. સુનંદાએ આંસુ સારતાં પોતાનાં ઘોર પાપનું પ્રાયશ્ચિત્ત માગ્યું. મહાત્માએ કહ્યું: "તારા કરતાં પણ ભયંકર પાપીઓ ચારિત્ર ગ્રહણ કરી, પાળી, મુક્તિ પામ્યા છે, પામે છે અને પામશે. મૃગનો જીવ વનમાં હાથીરૂપે જન્મ્યો છે. તારા મુખથી પોતાના ભવ સાંભળી જાતિસ્મૃતિ પામી, તારાથી ધર્મ પામી, તપ તપી આઠમા દેવલોકે જશે. અનુક્રમે મોક્ષે જશે. માટે તું દીક્ષા લઈ જન્મ સફળ કર."

સુનંદાએ રાજવીને જણાવ્યું: "હું પાપિની, દુષ્ટા અને કલંકિની છું. દીક્ષાની રજા આપો." રાજા કહે: "જીવ કર્મવશ છે. અકૃત્ય કરી અનેક દુઃખો ભોગવતાં ભવભ્રમણ કરે છે. રાજાએ પણ નરકાદિ દુઃખ આપનાર રાજ્ય તજી દીક્ષાની ભાવના બતાવી. બન્નેએ સંયમ લીધું. રાજા ચારિત્રની સુંદર આરાધના કરી તે જ ભવમાં મોક્ષે ગયો. સુનંદા ઉગ્ર તપ અને ઉગ્ર પશ્ચાત્તાપે ગુરુણીની આજ્ઞા પાળતાં અવધિજ્ઞાન પામી રજા મેળવી હાથીને પ્રતિબોધવા ગઈ. તે પ્રતિબોધ પામ્યો. જાતિસ્મૃતિ થઈ. છઠ્ઠને પારણે છઠ્ઠ કરી દેવગતિ પામ્યો. સુનંદા સાધ્વી માત્ર મનના પાપથી પણ જીવ કેવાં ભયંકર દુઃખો પામે છે તે સમજાવતાં કેવલજ્ઞાન પામી મોક્ષે ગઈ.

આ રીતે આપણે જોયું કે રૂપસેન એક મનોરથના પાપથી પણ અનેક દુઃખો પામી અનેક દુર્ગતિઓ પામ્યો. સંસારના સામાન્ય સુખનો પણ લાલચુ આત્મા પોતાના માટે ભયંકર દુઃખોના દાવાનળો સળગાવે છે. આ હૈયામાં જચતાં જરૂર સંસારની સાચી રીતે ભીષણતા ભાસ્યા વગર નહિ રહે. એક વખત ભીષણતા હૈયામાં બરાબર ભાસે તો નિર્ભય સ્થાન શોધવાની ભાવના જાગે. નિષ્ણાત જ્ઞાની ગુરુને શોધી પ્રયત્ન પણ થાય. સંસારમાં વસ્તુતઃ કોઈ નિર્ભય સ્થાન જ નથી. તે સ્થાન એક ફક્ત મુક્તિનું જ છે. માટે આ રીતે પુરુષાર્થને સમજી, બરાબર હૈયામાં ઠસાવી શાણા આત્માએ સાચા સુખનું શાશ્વત સ્થાન એવા એક મોક્ષ માટે જ ખરેખર કોઈ પણ રીતે ( અનેક કષ્ટો સહી ) પુરુષાર્થ કરવો જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સોમસૌભાગ્યનું

## વિહંગાવલોકન

★

લેખક : પ્રો. શ્રીયુત હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

'જૈન સાહિત્ય' એટલે વિવિધ વિષયોની જાતજાતની ભાષામાં મનોહર ફૂલગૂંથણી. આમ હોવાથી આપણને પ્રાગ્-ઐતિહાસિક તેમજ ઐતિહાસિક વ્યક્તિઓનાં જીવનચરિત્રો કવિવરોને છાજે એવી રીતે રજૂ કરાયેલાં મળી આવે છે. પ્રસ્તુતમાં હું સોમસુંદરસૂરિ નામના એક સમર્થ સૂરિની જીવનરેખા આલેખતું. અને ભક્તની રીતે એમના ગુણોત્કીર્તન કરતું જે કાવ્ય પ્રતિષ્ઠાસોમે વિ. સં. ૧૫૨૪ માં રચ્યું છે તેનો સંક્ષિપ્ત પરિચય પૂરો પાડવા માટે આ લેખ લખું છું.

**નામ**—ઉપર્યુક્ત કાવ્યનું નામ કર્તાએ જાતે **સોમસૌભાગ્ય** રાખ્યું છે. એનો પ્રથમ અંશ સોમસુંદરસૂરિના નામનું દ્યોતન કરે છે, અને બીજો અંશ એમના 'સૌભાગ્ય' વિષે નિર્દેશ કરે છે. જેમ આ કાવ્યના અંતમાં 'સૌભાગ્ય' શબ્દ વપરાયો છે તેમ એ પૂર્વે ઘણાં વર્ષો ઉપર રચાયેલી કોઈ જૈન કે અજૈન કૃતિના નામમાં એવો પ્રયોગ હોય તો તે વિષે તપાસ કરવી બાકી રહે છે. પરંતુ એના પછી રચાયેલા **હીરસૌભાગ્ય**માં તો 'સૌભાગ્ય' શબ્દ વપરાયો છે.

**વિભાગ**—**સોમસૌભાગ્ય** કાવ્ય દસ સર્ગમાં વિભક્ત કરાયું છે. એ સર્ગોનાં પદ્યોની સંખ્યા અનુક્રમે આ મુજબ છે:—૬૩, ૭૨, ૫૯, ૬૩, ૬૧, ૫૯, ૯૪, ૯૨, ૧૧૦, અને ૭૪. આમ અહીં એકંદર ૭૪૭ પદ્યો છે.

**છંદ**—સામાન્ય રીતે બૃહત્-કાવ્યો પ્રત્યેક સર્ગનો મોટો ભાગ એક જ છંદમાં અને અંતમાં એ છંદમાં ફેરફાર કરાયેલો જોવાય છે. આ હકીકત પ્રસ્તુત કાવ્યને પણ લાગુ પડે છે. એનો પ્રથમ સર્ગ વસંતતિલકામાં રચાયો છે, અને અંતિમ પદ્ય શાર્દૂલવિક્રીડિતમાં છે. દ્વિતીય સર્ગ મુખ્યતયા 'અનુષ્ટુભ્'માં અને ત્રીજો ઉપજાતિમાં છે. એમ જાતજાતના છંદોમાં આ કાવ્ય રચાયું છે.

**અલંકાર**—આ કાવ્ય અંતર્યમક રૂપ શબ્દાલંકારથી તેમજ [1]પરિસંખ્યા, [1]વ્યતિરેક ઉત્પ્રેક્ષા ઈત્યાદિ વિવિધ અર્થાલંકારોથી વિભૂષિત છે.

**વિષય**—આ કાવ્યનો વિષય તો એનું નામ જ સૂચવે છે તેમ 'તપા' ગચ્છના [2]સોમસુંદરસૂરિનું જીવનચરિત્ર છે. [3]એની જે રૂપરેખા સર્ગદીઠ આલેખાઈ છે તે આપણે વિચારીશું.

બ્રહ્મા તેમજ ઋષભદેવ એમ ઉભયને અંગે ઘટે એવા શ્લેષાત્મક શ્લોકથી આ કાવ્યનો પ્રારંભ કરાયો છે. ત્યારબાદ શાંતિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ, મહાવીરસ્વામી અને સર-

---

૧. જુઓ સ. ૧ ના શ્લો. ૨૨ ને ૨૩

૨. જુઓ સ. ૩, શ્લો. ૫૩

૩. એમનું ચરિત્ર ગુર્વાવલી (વિ. સં. ૧૪૫૫), ચિત્રદુર્ગમહાવીર-પ્રાસાદપ્રશસ્તિ (વિ. સં. ૧૪૯૫) અને ગુરુગુણરત્નાકર (વિ. સં. ૧૫૪૧) માં આલેખાયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વતીદેવીને અંગે એકેક શ્લોક છે. શ્લો. ૧૧ માં 'ગુજરાત' માટે 'ગૂર્જરત્રા' શબ્દ વપરાયો છે. શ્લો. ૧૧–૩૯માં 'પ્રહ્‌લાદનપુર' યાને પાલનપુરનું વર્ણન છે. એમાં એ નગરના ગોળાકાર કિલ્લાનો અને એની ધર્મશાળાઓનો અને લેખશાળા (નિશાળ)નો ઉલ્લેખ છે. શ્લો. ૪૦-૪૯માં એ નગરના શેઠ સજ્જનનું વર્ણન છે. શ્લો. ૫૦–૬૨ એ શેઠની પત્ની આલ્હણદેવીને અંગેના છે. એ પૈકી શ્લો. ૫૨–૫૪માં કહ્યું છે કે એ સ્ત્રી તે સીતા, દમયંતી, સુલસા, રમા, મનોરમા, મદનરેખા, ભદ્રા, સુભદ્રા, અંજના, કુન્તી, મૃગાવતી કે જ્યેષ્ઠા તો નથી એવા વિકલ્પો વિબુધોને વિષે ઉત્પન્ન કરતી હતી.

બીજા સર્ગની શરૂઆતમાં કહ્યું છે કે આલ્હણદેવી રાત્રે સ્વપ્નમાં ચન્દ્ર જુએ છે, અને સવાર પડતાં એ પોતાના પતિને એ વાત કરે છે ત્યારે તે કહે છે કે તને ચંદ્ર સમાન પુત્ર થશે. કાલાંતરે એ દેવી પુત્રને જન્મ આપે છે.

બારમે દિવસે સજ્જન શેઠ સગાંવહાલાંને જમવા તેડે છે. એનું વર્ણન કરતાં કવિ કહે છે કે સૌથી પ્રથમ તો સોના રૂપા અને કાંસાનાં પાત્રો ગોઠવાય છે. પછી દરાખ, [1]અખરોટ, સાકર અને ચારોળી પિરસાય છે. ત્યાર બાદ લાડુ, [2]ચકચકતો ગોળ અને ખાજાં પિરસાય છે. એ પછી વડાં, ઘેબર, [3]લાપસી, કપૂરી શાળનો કૂર, મગની છડેલી દાળ, ઘી, [4]જીવંતી નામનો મનોહર પાક અને જાતજાતનાં શાક પિરસાય છે. સજ્જન પંખો નાખે છે. પછીથી એ કપૂરથી ભરેલો, અને [5]ઘોલના કલ્લોલથી સુંદર એવો ઉત્તમ શાળનો [6]કરંબો પિરસે છે. જમણુ પૂર્ણ થતાં પાનની બીડી આપી સગાંવહાલાંને એ સજ્જન ઊંચે આસને બેસાડે છે અને પોતાના પુત્રનું નામ 'સોમ' પાડે છે.

સોમ પાંચ વર્ષનો થતાં એનું નિશાળગરણું કરાય છે. એને અંગેના વરઘોડામાં નર્તકીઓ નૃત્ય કરે છે.[7] ઉપાધ્યાય ઓંકારપૂર્વક [8]માતૃકા સોમને શિખવે છે. જોતજોતામાં તો એ સોમ [9]કાલાપક વ્યાકરણ, [10]નામમાલા, ધાતુપાઠ, લિંગાનુશાસન અને છંદઃ-શાસ્ત્રનો અભ્યાસ કરે છે એ વાતનો ઉલ્લેખ કરી આ સર્ગની સમાપ્તિ કરાઈ છે.

ત્રીજો સર્ગ ગુરુપરંપરાના વર્ણનરૂપ છે. એની શરૂઆત મહાવીરસ્વામીથી કરાઇ છે. એમના શિષ્ય પ્રથમ ગણધર ગૌતમસ્વામીને ઉદ્દેશીને અને પાંચમા ગણધર સુધર્મસ્વામીને

---

૧ મૂળમાં 'અખોડ' શબ્દ છે, પણ 'અક્ષોટ' જોઈએ.

૨ મૂળમાં સ્ફુરત્‌-ફાણિતા શબ્દ છે. ગુજરાતી ભાષાંતરમાં આનો અર્થ 'સૂતરફેણી' કરાયો છે તે ભૂલ છે.

૩ મૂળમાં 'લપનશ્રી' શબ્દ છે.

૪ આ પાક શેનો બને છે તે જાણવું બાકી રહે છે.

૫ કપડા વડે છણેલું—મથેલું દહીં.

૬ આ દહીંના પાંચ નીવિયાતામાંનું એક છે. જુઓ પચ્ચક્ખાણભાસ (ગા. ૩૩)

૭ આ પ્રથા વિચિત્ર જણાય છે. આગળ ઉપર દીક્ષાના વરઘોડામાં પણ વારાંગનાઓના નૃત્યની વાત આવે છે.

૮ બારાખડી.

૯ મૂળમાં શ્લો. ૬૪માં આમ છે. ખરી રીતે 'કલાપક' જોઈએ. એને 'કાતંત્ર' તેમજ 'કૌમાર' પણ કહે છે.

૧૦ ભાષાંતરમાં 'અષ્ટભિધ' એવું કોશનું નામ અપાયું છે તે ભ્રાન્ત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંગે એકેક શ્લોક રચી એ પાંચમા ગણધરની શિષ્યપરંપરા આપતાં ક્રમસર નીચે મુજબ મુનિવરોનો પરિચય એકેક શ્લોક દ્વારા કરાવાયો છે.

[1] જંબૂસ્વામી, પ્રભવસ્વામી, શય્યંભવસૂરિ, યશોભદ્રસૂરિ, સંભૂતિવિજય, ભદ્રબાહુસ્વામી, સ્થૂલભદ્ર, આર્ય મહાગિરિસૂરિ, [2] આર્ય સુહસ્તિસૂરિ, ઇન્દ્રદિન્ન, દિન્નસૂરિ, સિંહગિરિસૂરિ, વજ્રસ્વામી અને વજ્રસેન. એ વજ્રસેનને ચાર શિષ્યો હતા અને એમના નામથી ચાર ગચ્છ થયા. એ પૈકી 'ચંદ્ર' ગચ્છમાં સર્વદેવસૂરિ થયા. એમણે વડના ઝાડ નીચે એમના આઠ શિષ્યોને સૂરિપદ આપ્યું. ત્યારથી એ ગચ્છ 'વટગચ્છ' તેમજ 'બૃહદ્‌ગચ્છ'ના નામે ઓળખાવા લાગ્યો. એ ગચ્છમાં કાલાંતરે જગચ્ચંદ્રસૂરિ થયા. એમણે બાર વર્ષ સુધી આંબેલનું તપ કર્યું, એથી એમનો ગચ્છ 'તપા' તરીકે પ્રસિદ્ધિ પામ્યો. એમના શિષ્ય દેવેન્દ્રસૂરિની વ્યાખ્યાનકળા વખણાતી હતી. એ કર્મગ્રંથના રચનારને વિદ્યાનંદ નામે શિષ્ય થયા. એમને પાલણપુરના રાજાએ રચાવેલા પ્રહ્‌લાદનવિહારમાં સૂરિપદ અપાયું ત્યારે દેવોએ કપૂર અને કેસરની વૃષ્ટિ કરી હતી એમ અહીં કહ્યું છે.

એમની પાટે ધર્મઘોષસૂરિ થયા. એક વેળા ઉજ્જૈનમાં કોઈ એક યોગીએ સર્પો વિકુર્વ્યા અને એ સૂરિ ઉપર મૂક્યા, તે સમયે એ સૂરિએ એ યોગીને ક્રૌંચ-બંધથી બાંધી લીધો. યોગીએ પોતાને છોડી મૂકવા પ્રાર્થના કરી એટલે સૂરિએ તેમ કર્યું. વિદ્યાપુરમાં એ સૂરિએ ચાર શાકિનીઓને સ્તંભિત કરી. એ સૂરિની પાટે સોમપ્રભસૂરિ થયા. અને એમની પાટે સોમતિલકસૂરિ થયા, અને એ સૂરિને જયાનંદસૂરિ નામે શિષ્ય થયા.

ચોથા સર્ગના પ્રારંભમાં કહ્યું છે કે એક વેળા એ જયાનંદસૂરિ પ્રહ્‌લાદનપુરમાં પધાર્યા ત્યારે એમની દેશના સાંભળવા સોમકુમાર એમના પિતા સજ્જનની સાથે ગયા. એ સાંભળી સોમકુમારને વૈરાગ્ય ઉત્પન્ન થયો. જયાનંદસૂરિએ એમના દેહનાં વિવિધ લક્ષણો વિચાર્યાં. આ લક્ષણો કવિએ એક પછી એક વર્ણવ્યાં છે. તેમ કરતાં એમણે હાથની રેખાઓ પણ વર્ણવી છે. જયાનંદસૂરિએ સજ્જન પાસે પુત્રની માંગણી કરી. એ અંતે એમને કબૂલ રાખી અને ધામધૂમપૂર્વક પુત્રને દીક્ષા અપાવવા તૈયારી કરી, એ સમયે જયાનંદસૂરિએ નંદિની સ્થાપના કરી અને સોમકુમારને એમની ભગિની સહિત વિ. સં. ૧૪૩૭ માં દીક્ષા આપી. એ સોમકુમારનું નામ સોમસુંદર પાડ્યું.

મુખ્યતયા 'વસંતતિલકા' છંદમાં રચાયેલા પાંચમા સર્ગના આદ્ય પદ્યમાં જયાનંદસૂરિ સ્વર્ગે સંચર્યા અને દેવસુંદરસૂરિ ગચ્છનાયક બન્યા એ હકીકત રજૂ કરાઈ છે. ત્યાર બાદ એ સૂરિની પ્રશંસા કરાઈ છે. એ સૂરિએ સોમસુંદરસૂરિને ઉત્તમ ગ્રંથોનો અભ્યાસ કરાવવાના ઇરાદે જ્ઞાનસાગરસૂરિ પાસે મોકલ્યા. તેમ થતાં એમણે ટૂંક સમયમાં વિવિધ વિષયોનો સારો બોધ મેળવ્યો. એમણે **વિવાહપ્રજ્ઞપ્તિના** યોગ વહન કર્યા એટલે એમને 'ગણિ' પદવી અપાઈ. અને વિ. સં. ૧૪૫૦ માં 'વાચક' પદ અપાયું. રાજકુલપાટક વગેરે સ્થળે વિચરી સોમસુંદરસૂરિ અણહિલ્લપુર પાટણમાં આવ્યા. ત્યાંના નરસિંહ નામના ગૃહસ્થે દેવસુંદરસૂરિને

૧ આને અંગેના શ્લોકનું ભાષાંતર વિચારણીય છે.

૨ એમને ઉદ્દેશીને ભાષાંતરમાં એવો ઉલ્લેખ કરાયો છે કે–'જ્ઞાતાસૂત્ર ઉપર આક્ષેપ કરનાર સમગ્ર વાદીઓને જીતનાર' ભૂલભરેલું ભાષાંતર છે. 'આગમનો જાણકાર અને સમગ્ર વાદીઓને જીતનાર' એમ જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજ્ઞપ્તિ કરી કે સોમસુંદરગણિને 'સૂરિ' પદવી આપો. અને મને એ અંગે ઉત્સવ કરવાની અનુજ્ઞા આપો. વિજ્ઞપ્તિ સ્વીકારાતાં એ ગૃહસ્થે નગરને અને પોતાના મહેલને શણગાર્યાં. શુભ મુહૂર્તે દેવસુંદરસૂરિ એ ગૃહસ્થને ત્યાં શિષ્યો સહિત પધાર્યા. અને એમણે જિનપ્રતિમા સહિત નંદી માંડી. ભેરી, ઘુરંગક અને મૃદંગના અવાજ સંભળાવા લાગ્યા. ધવલમંગળનો મધુર અવાજ ગૂંજવા લાગ્યો. એવે સમયે દેવસુંદરસૂરિએ નંદિસૂત્રનો પાઠ કરી સોમસુંદરગણિને સૂરિ-મંત્ર આપ્યો. તેમ થતાં વિ. સં. ૧૪૪૭ માં એ ગણિ સૂરિ બન્યા. એ સમયે નરસિંહે શ્રીસંઘનો સત્કાર કર્યો અને યાચકોને દાન દીધું. વળી સુખભક્ષિકા, મોદક, [1]સોમાલ, વડાં, લાપસી, ખાજાં, ફૂર, દાળ અને ઘોળ વડે સંઘને જમાડ્યો.

છઠ્ઠા સર્ગના આરંભમાં વૃદ્ધ ગુરુના સ્વર્ગવાસની અને સોમસુંદરસૂરિ ગચ્છનાયક થયાની હકીકત રજૂ કરાઈ છે. ત્યાર બાદ એમની પ્રશંસારૂપ પદ્યો છે. પછી 'સમેલ' સરોવરનું અને એ સરોવરવાળા નગરનું મનોહર વર્ણન છે. ત્યાર પછી એ નગરના દેવરાજે એક વેળા એના અનુજ હેમરાજની અને ઘટસિંહની સંમતિ લઈ વાચક મુનિસુંદરના સૂરિ-પદના મહોત્સવાર્થે પુષ્કળ ધન ખર્ચ્યું, એ વાત રજૂ કરાઈ છે. પ્રસંગવશાત્ એ મુનિસુંદરની બુદ્ધિ, સહસ્રાવધાનતા ઈત્યાદિનો ઉલ્લેખ છે. દેવરાજે સંઘપતિ બની મુનિસુંદરસૂરિની સાથે શત્રુંજયની યાત્રા કરી, એમ કહી આ સર્ગ પૂર્ણ કરાયો છે.

સાતમા સર્ગની શરૂઆતમાં 'ઇલિદુર્ગ' નામના નગરનું વર્ણન છે. ત્યારબાદ એવો ઉલ્લેખ છે કે એ નગરના રણમલ્લ રાજાને શ્રીપુંજ નામે પુત્ર હતો. એનો વચ્છરાજના પુત્ર ગોવિંદ તરફ સદ્ભાવ હતો. એ ગોવિંદે કુમારપાલ-વિહારનો ઉદ્ધાર કરાવ્યો અને આગળ જતાં પોતાના પુત્ર શ્રીવીરની સંમતિથી સોમસુંદરસૂરિને હાથે ધામધૂમપૂર્વક જય-ચન્દ્ર વાચકને 'સૂરિ' પદ અપાવ્યું. પછી એ ગોવિંદ સંઘપતિ તરીકે શત્રુંજય, ગિરનાર, સોપારક, અને તારણગિરિ (તારંગા)ની યાત્રા કરી પોતાને નગરે પાછો ફર્યો ત્યારે એના પુત્ર શ્રીવીરે એનો સત્કાર કર્યો. એ ગોવિંદને તારણગિરિ ઉપર અજિતનાથનું નવું બિંબ સ્થાપન કરાવવાની ભાવના થઈ એટલે એણે અંબિકા દેવીનું આરાધન કરી એની પાસેથી વરદાન મેળવ્યું અને એ દ્વારા યોગ્ય શિલા પ્રાપ્ત કરી. પછી એની પ્રતિમા ઘડાતાં એણે સોમસુંદરસૂરિને હાથે એની પ્રતિષ્ઠા કરાવી.

આઠમા સર્ગના પ્રારંભમાં કહ્યું છે કે સોમસુંદરસૂરિ વિહાર કરતા કરતા દેવકુલપાટકમાં પધાર્યા. ત્યાંના સંઘપતિ નિંબે કે જેણે ખાગહડી નામના નગરમાં જિનમંદિર કરાવ્યું હતું, એણે પુષ્કળ દ્રવ્ય ખર્ચી ભુવનસુંદર વાચકના 'સૂરિ'પદને અંગે મહોત્સવ કર્યો. પછી એ નવીન આચાર્ય કર્ણાવતી ગયા ત્યારે ગુણરાજે પ્રવેશોત્સવ કર્યો. એના ભાઈ આમ્રે એ આચાર્ય પાસે દીક્ષા લીધી. આગળ ઉપર એ આચાર્યે શત્રુંજય-માહાત્મ્ય વાંચી સંભળાવ્યું. એ ઉપરથી ગુણરાજે નિયમ લીધો કે જ્યાં સુધી હું ધામધૂમપૂર્વક શત્રુંજયે જઈ આદિનાથને પ્રણામ ન કરું ત્યાં સુધી મારે દહીં-દૂધનો ત્યાગ છે. 'દીપાલિકા-પર્વ' આવતાં તીર્થયાત્રા માટે એણે તૈયાર કરી. અહિમ્મદ પાદશાહે કથાદિ વગેરે માણસો સાથે એને દિવ્ય વસ્ત્રોનો પોષાક આપ્યો. વળી પોતાની વા(:હા)રગતિ આપી અને હજારો સુભટો આપ્યા. વળી રાજાને લાયક નફેરી વગેરે વાદ્ય આપ્યાં.

---

૧ આનો અર્થ જાણવો બાકી રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુભ મુહૂર્તે ગુણરાજ સંઘ સહિત નગરમાંથી નીકળ્યો તે સમયે ઉત્તમ શુકન થયાં. મસ્તક ઉપર જળનો કુંભ રાખીને સૌભાગ્યવતી સ્ત્રી સામી આવતી મળી. આભૂષણોથી વિભૂષિત પણ્યાંગના દૃષ્ટિપથમાં આવી. ડાબી તરફ ગધેડાએ, સાંડે અને ઘોડાએ શુભકારી સ્પષ્ટ સાદ વિસ્તાર્યો, ડાબી અને જમણી તરફ દુર્ગાએ અને ગણેશે કલ્યાણકારી અવાજ કર્યા. નિર્ધૂમ અગ્નિ અને હાથી સામે દેખાયા. સંઘ પ્રયાણ કરી વીરમગામ પહોંચ્યો. ત્યાંથી આગળ જતાં શ્રીમલિકો અને રાણાઓએ ગુણરાજને ભેટ આપી. પછી સંઘ ધંધુકા અને વલભીપુર થઈ પાલીતાણે આવ્યો. ગુણરાજ સકળ સંઘ સહિત 'શત્રુંજય' ગિરિ ઉપર ચડ્યો. એણે કપર્દી યક્ષને અને આદિનાથને પ્રણામ કર્યા. પછી પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થતાં ગુણરાજ મધુમતી (મહુવા) આવ્યો. એ સમયે એની વિજ્ઞપ્તિથી ગચ્છપતિ જિનસુંદર વાચકને 'સૂરિ' પદવી આપી અને એનો ઉત્સવ એ ગુણરાજે કર્યો. પછી એ ક્રમે ક્રમે દેવપત્તન, મંગલપુર અને જીર્ણદુર્ગ (જૂનાગઢ)માં આવ્યો. 'રૈવત'ગિરિના રાજાને રંજિત કરી ગુણરાજે એ ગિરિની યાત્રા કરી અને કાળાંતરે એ કર્ણાવતી આવ્યો. આ પ્રમાણેની હકીકત વર્ણવી આ સર્ગ પૂરો કરાયો છે.


નવમા સર્ગમાં વિશાલરાજને 'વાચક' પદ, બિંબની પ્રતિષ્ઠા, જિનકીર્તિને 'સૂરિ' પદવી, પંચમીનું ઉદ્યાપન, રાણપુરમાં ભવ્ય જિનમંદિરનું નિર્માણ, અમદાવાદના સમરસિંહની તીર્થયાત્રા, પચવારકમાં સંઘવી મહુણસિંહે બંધાવેલ જિનમંદિર અને વિ. સં. ૧૪૯૯માં સોમસુંદરસૂરિનો સ્વર્ગવાસ; એ બાબતો વર્ણવાઈ છે.

દસમા સર્ગમાં સોમસુંદરસૂરિની પાટે થયેલા કેટલાક મુનિવરોની સંક્ષેપમાં પ્રશંસા-પૂર્વક નોંધ લેવાઈ છે. સૌથી પ્રથમ મુનિસુંદરસૂરિ વિષે ઉલ્લેખ છે. 'સૂરિ–મન્ત્ર'નું સ્મરણ કરવાની એમની શક્તિ વર્ણવી એમને હાથે 'શ્રીરોહિણી' નગરમાં ઉપદ્રવ દૂર થતાં ત્યાંના રાજાએ શિકારનો નિષેધ સ્વીકાર્યો અને અમારિ પ્રવર્તાવી, એ વાત અહીં કહેવાઈ છે. વળી દેવકુલપાટકમાં "શાંતિ–સ્તવન"થી મારિનો ઉપદ્રવ એ સૂરિએ દૂર કર્યો હતો એમ પણ અહીં કહ્યું છે. એમના પછી જયચન્દ્રસૂરિ વિષે એવો ઉલ્લેખ છે કે એમને 'કૃષ્ણ વાગ્દેવતા" નું બિરુદ હતું અને એમણે કાવ્યપ્રકાશ, સંમતિ (પ્રકરણ) વગેરે ગ્રંથો ઘણા શિષ્યોને ભણાવ્યા હતા. ત્યાર બાદ ભુવનસુંદરસૂરિ, જિનસુંદરસૂરિ અને જિનકીર્તિસૂરિ વિષે નિર્દેશ છે. રત્નશેખરસૂરિના સંબંધમાં એમ કહ્યું છે કે એમણે દક્ષિણ દિશાના ગર્વિષ્ઠ વાદીઓને જીત્યા હતા. સંઘપતિ લક્ષે જેમને સૂરિપદ અપાવ્યું હતું; એવા ગુણોદયનંદિસૂરિનો ઉલ્લેખ કરી ફરીથી રત્નશેખરસૂરિનું ગુણોત્કીર્તન કરાયું છે. પછી લક્ષ્મીસાગર મુનિરાજ વિષે એમ કહ્યું છે કે જીર્ણદુર્ગ (જૂનાગઢ)ના રાજાની સભામાં અજૈન મતનું એમણે ખંડન કર્યું હતું. એ સૂરિએ પિત્તળની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી. અને 'ચલાટાપલ્લી' નગરના દાક્ષિણાત્ય મહાદેવે પુષ્કળ દ્રવ્ય ખર્ચી એ સૂરિને હાથે અપાયેલા બે વાચક પદવીને અંગે ઉત્સવ કર્યો હતો. વિશેષમાં એ સૂરિએ ૭૨ જિનાલયોમાં એટલે ચોવીશીનાં બિંબની પ્રતિષ્ઠા કરી હતી. સોમદેવસૂરિને પ્રબળ વાદી અને પ્રખર વક્તા તેમજ કુશળ કવિ તરીકે વર્ણવ્યા છે. સાથે સાથે એમની સમસ્યાશક્તિથી જૂનાગઢનો રાજા રાજી થયો હતો, એમ અહીં કહ્યું છે. ત્યાર બાદ રત્નમંડનને ઉત્તમ વકતા અને કવિ કહ્યા છે. એમના પછી સોમજય-સૂરિ, ઉપાધ્યાય સાધુરાજ, 'કૃષ્ણ સરસ્વતી' ચારિત્રરત્ન, ઉપા૦ સત્યશેખર, વાચક

[ જુઓ : અનુસંધાન પૃષ્ઠ : ૨૦૦ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# તાડપત્રીય જ્ઞાનભંડારો

લેખક : શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી

⊙

મોટા શહેરોમાં તો જ્ઞાનભંડાર હોય છે જ. કેટલાંક સ્થાનોમાં એની સંખ્યા એક કરતાં વધુની હોય છે અને એમાં હસ્તલિખિત કે છાપેલી કાગળની પ્રતો તેમજ જૈન-ધર્મ સંબંધી જુદી જુદી દષ્ટિએ માહિતી આપતાં પુસ્તકો પણ હોય છે. અહીં એ સંબંધી વાત કરવાની નથી. આજે સૌ કોઇ જાણે છે કે, એ સર્વ કરતાં પ્રાચીન તો તાડપત્રો પરનાં લખાણ ગણાય છે. વળી જુદા જુદા અભ્યાસીઓ તરફથી તાડપત્ર પર લખાયેલ સાહિત્ય અંગે જે લખાણો પ્રગટ થયેલાં છે એ જોતાં જણાય છે કે, એમાં વર્ણવવામાં આવેલી બાબતો પૂર્વગ્રહથી દોષિત નથી થઇ. કેટલાંક તો ખુદ મુનિરાજોના પોતાના હસ્તાક્ષરોમાં આજે પણ શોભી રહ્યાં છે. કેટલાકના અક્ષરો આજે પણ 'મોતીના દાણા'ની ઉપમાને સાર્થક કરે છે; અને એ લખવામાં વપરાયેલી શાહી જોતાં જાણે થોડા સમય પર જ એ લખાયાં હોય એમ લાગે છે. અર્થાત્ વર્ષોનાં વહાણાં વાયાં છતાં શાહીમાં ઝાંખપ આવી નથી.

મુનિ શ્રીપુણ્યવિજયજી દ્વારા પાટણમાં ભંડારોનું સંશોધન કાર્ય લગભગ પૂર્ણ થયા પછી તેઓશ્રીએ જેસલમેર અને આ વર્ષમાં ખંભાતના ભંડારનું સંશોધન કર્યું છે. એ ઉભય સ્થાનોમાં થોડા દિવસ રોકાવાનો યોગ સાંપડવાથી એ કાર્ય કેવી પદ્ધતિથી કરાય છે, એમાં કેવી ચીવટ રાખવી પડે છે, અને ગફલતથી પાનાં ભેળસેળ થઇ ગયાં હોય તો એને મેળવતાં કેટલી મુશ્કેલી પડે છે ઇત્યાદિ વાતો નજરે જોવા મળી. અમદાવાદ કે વડોદરાના ભંડારમાં તાડપત્રો પર લખાયેલી પ્રતો હશે, છતાં જૈનધર્મના તાડપત્રો પર લખાયેલ ગ્રંથો મોટા પ્રમાણમાં જેસલમેર, પાટણ અને ખંભાતમાં છે એ વાત જગજાણીતી છે. અંગ્રેજ વિદ્વાનો ડૉ. પીટરસન આદિએ, એ સંબંધી નોંધ પોતાના અહેવાલોમાં લીધેલી છે. અહીં જૈન સમાજનું ખાસ લક્ષ્ય કેન્દ્રિત કરવાની વાત તો એટલી જ છે કે, જ્યારે એની પાસે પૂર્વજોનો આવો અણમૂલો વારસો મોજુદ છે ત્યારે એણે એકચિત્ત બની, એ ભંડારોમાં કેવી કેવી અપૂર્વ ચીજો સંગ્રહિત કરેલી છે એનો ખ્યાલ જૈન-જૈનેતર વિદ્વાનો તેમજ ઇતર જનસમૂહને આવે તેવા પ્રયાસો હાથ ધરવા જોઈએ. જેસલમેરથી કેટલીક જીર્ણ તેમજ ખાસ અગત્યની તાડપત્રીય પ્રતો ફોટો લેવરાવવા સારુ દિલ્હી લઇ જવામાં આવી હતી, અને એ તકનો લાભ લઇ ત્યાં એક પ્રદર્શન પણ ગોઠવવામાં આવેલું, જેનું ઉદ્ઘાટન ભારતના સ્વનામધન્ય રાષ્ટ્રપ્રમુખ શ્રી. રાજેન્દ્રપ્રસાદજીના વરદ હસ્તે કરાવવામાં આવ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતું. એ વેળા તેઓશ્રીએ જે ઉદ્‌ગારો કાઢેલા, તે આપણા માટે ગૌરવસૂચક છે. 'સ્વયંસેવક' માસિક અને 'જૈન' સપ્તાહિકમાં એ પ્રગટ થઇ ચૂકેલ છે. તેમના જેવા વિદ્વાનને એ વેળાએ જ ખબર પડી કે જૈનો પાસે આવું પ્રાચીન અને અણમોલ સાહિત્ય છે. ખંભાતથી વિહાર કરતાં પૂર્વે એક જાહેર સભામાં મુનિ શ્રીપુણ્યવિજયજીએ જણાવ્યું હતું કે, આપણા ભંડારોમાં સંઘરાયેલી આ જાતની સાહિત્યસામગ્રીની આપણી પાસે પૂરી નોંધ પણ નથી છતાં અત્યાર સુધી તેઓશ્રીએ જે જોયું છે અને જે જોવાયું નથી એનો અંદાજ મૂકતાં તેઓ જણાવે છે કે એની સામાન્ય યાદીમાત્રથી ચોપડાના ચોપડા ભરાઇ જાય.


દુઃખની વાત એટલી જ છે કે, આપણી પાસે આ પ્રકારની કીમતી સામગ્રીના મુનિશ્રીએ મહાપ્રયાસે તૈયાર કરેલાં વિગતવાર સૂચિપત્રો તૈયાર હોવા છતાં એ સત્વર પ્રગટ કરવા માટે આપણી આંખ ઉઘડતી નથી. જેસલમેરનું સૂચિપત્ર તૈયાર હોવા છતાં હજુયે એ પ્રેસમાં જવા પામ્યું નથી. શ્રી. જૈન શ્વેતાંબર કૉન્ફરન્સે જેમ એ પ્રાચીન ભંડારના ઉદ્ધારમાં મુખ્ય ભાગ ભજવ્યો હતો તેમ એ પ્રગટ કરવાની જવાબદારી પણ સ્વીકારી છે. મારે કબૂલવું જોઇએ કે, એ દિશામાં અમારી અપીલ છતાં ઘણા જ્ઞાનભંડારો તરફથી કંઈ જ જવાબ મળ્યો નથી. આ પ્રકારનાં સૂચીપત્રો વારંવાર છપાવી શકાતાં નથી. એ માત્ર પ્રત કે પુસ્તકની યાદીરૂપ હોતાં નથી પણ એમાં તો રચનાની સાલસંવત્, કર્તાનો વંશ, તેમજ જે સ્થળમાં રચના થઇ હોય તેનું વર્ણન તથા સહાયકના જીવન અંગે ઘણી માહિતી હોય છે. ટૂંકમાં કહીએ તો એ ઉપરથી ઘણી જાતની ઐતિહાસિક સાંકળના અંકોડા જોડી શકાય છે. આવી માહિતીવાળાં લિસ્ટ પાછળ દશ કે પંદર હજારની રકમ એક હજાર નકલ માટે ખરચાય એ કોઇ મોટી વાત નથી. જૈનસમાજ પાસે જ્ઞાન ખાતે રકમો પડી હોય છે. કેટલીક વાર એ મામૂલી પ્રકાશનોમાં વેડફાતી નજરે પણ આવે છે જ્યારે આવા જરૂરી સાહિત્ય તરફ વહીવટદારનું ધ્યાન પણ જતું નથી. આજના યુગમાં જૈનધર્મની પ્રભાવના સાહિત્યના પ્રકાશનથી જ વધુ પ્રમાણમાં થવાનો સંભવ છે. એ સાધન એવું છે કે એની અસર વીજળી માફક વિશ્વના ચારે ખૂણામાં પથરાઈ જાય છે. ભગવંત શ્રી. મહાવીરદેવની ભાવના-' **સવી જીવ કરું શાસનરસી** 'ની હતી. તેઓશ્રી પ્રરૂપિત ઉમદા તત્ત્વો-રહસ્યમય વાતો જે ગ્રંથોમાં સંઘરાયેલી છે એની વાત જગતના જીવો જાણે તો એથી લાભ જ થવાનો છે.

અંતમાં કહેવાનું એટલું જ કે આપણા વહીવટદારોએ જ્ઞાનભંડારમાંથી સારામાં સારી રકમો નક્કી કરીને આ પ્રકારના સાહિત્યપ્રકાશન પાછળ ખરચવાનો નિશ્ચય કરવો જોઈએ. એ રકમ એક મધ્યસ્થ સંસ્થાને-ચાહે તો શ્વે. કૉન્ફરન્સને—અગર તો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સોંપાય અને જેસલમેર, ખંભાત આદિનાં જે પ્રાચીન ભંડારોનાં સૂચીપત્રો તૈયાર હોય તે વહેલી તકે પ્રગટ થાય તેવો પ્રબંધ એમાંથી થવો જોઈએ. વિદ્વાનોની દૃષ્ટિ પર એકવાર વિસ્તૃત નામાવલિ આવશે પછી પ્રકાશન કાર્યમાં જરૂર તાજગી આવવાની.

જ્ઞાનનો વધુ વિસ્તાર થાય, માનવોના હૃદયમાં એનો પ્રકાશ પથરાય; એ કરતાં વધુ જનસેવા કઈ હોઈ શકે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# साधुचन्द्रकृत तीर्थराज चैत्यपरिपाटीका समय

लेखक : श्रीयुत भंवरलालजी नाहटा

★

**जैनयुग वर्ष १** अंक ६ पृ० २१९ में "तीर्थराज चैत्यपरिपाटी स्तवनम्" नामक एक रचना चालू गुजराती रूपान्तर और ऐतिहासिक टिप्पणोंके साथ दक्षिणविहारी मुनि अमर-विजयजीके शिष्य मुनि चतुरविजयजीने प्रकाशित की थी। मुनिश्रीने इसके रचनाकालके संबन्धमें लिखा था कि इसके कर्ता साधुचंद्रके संबन्धमें कोई उल्लेख नहीं मिला पर इसमें देवराज और वच्छराजके संघका उल्लेख किया है, वे जिनविजयजी सम्पादित 'प्राचीन जैन लेख संग्रह' भाग २ लेखाङ्क ३८० वाले राजगृहस्थ सं० १४१२ की प्रशस्तिमें उल्लिखित ठक्कुर मण्डनके पुत्र देवराज वच्छराज होंगे इसलिए इस चैत्यपरिपाटीका समय १५ वां शतक व इसके रचयिता खरतरगच्छीय होना संभव है; जबसे हमने उन उल्लेखको पढा, हमें वह संगत नहीं प्रतीत हुआ क्योंकि इस चैत्यपरिपाटीमें विक्रमपुर (बीकानेर), जोधपुर, सिरोही आदिके कई मंदिरोंका उल्लेख किया है और ये तीनों नगर ही सं० १४१२ के बहुत पीछे बसे हैं। सीरोही सं० १३६२ या १४८२ में, जोधपुर नगर सं० १५१५ में तथा बीकानेर १५४५ में बसा है, वैसे भी राजगृवहाले देवराज वच्छराज बीकानेर आकर शत्रुंजयका संघ निकालें यह संभव नहीं है। चैत्यपरिपाटीका आरंभ बीकानेरके मंदिरोंसे ही किया गया है इसलिए यह रचना सं० १५४५ के पश्चात्की तो स्वयं ही सिद्ध हो जाती है। अब रहा उसका निश्चित समय ज्ञात करना। यद्यपि चैत्यपरिपाटीके अन्तिम पद्यमें "तेत्रीस वच्छर विगय मच्छर" पाठ आता है पर इसके अतिरिक्त तेत्रीस अंककी संगति किसी भी तरह संगत नहीं बैठती। क्योंकि मुनिजीके संभावित सं० १४३३ तो दर किनार पर सं० १५३३ भी होना संभव नहीं। एवं १६३३ इसलिए संभव नहीं कि इस परिपाटीमें बीकानेरके केवल दो जिनालय आदिनाथ और महावीरका उल्लेख आया है जब कि सं० १५९३ तक ४ मन्दिरोंका निर्माण हो चुका था। साधुचन्द्रके संबन्धमें खोज करने पर विदित हुआ कि आप खरतर-गच्छके भावहर्षशाखाके उद्भावक भावहर्षसूरिके ये दादागुरु थे इसलिए इनका समय संवत् १५५० से सं० १६०० के करीबका होना चाहिए। अब बीकानेरके जिन दो मन्दिरोंका उल्लेख आया है उनके निर्माणके संबन्धमें विचार करने पर मालूम हुआ कि प्रथम आदि

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जिनालय जो चउवीसटाजी नामसे प्रसिद्ध था, वि० सं० १५७१ में राव बीकाजीके राजकालमें प्रतिष्ठित हुआ तथा दूसरा श्रीमहावीर जिनालयका निश्चित समय तो माछ्म नहीं हुआ पर इस मंदिरकी प्रतिष्ठाके थोडे वर्ष बाद हो उसके बननेका उल्लेख लुंकागच्छकी पट्टावलीमें आता है। तीसरा भव्य जिनालय "त्रैलोक्यदीपक भांडासर" सं० १५७१ में प्रतिष्ठित हो चुका था उसका उल्लेख इस चैत्यपरिपाटीमें नहीं आनेसे इसका रचनासमय वि० सं० १५६१ से सं० १५७१ के मध्यका निश्चित होता है। इसके अन्तिम पद्यमें "बहु संघ साथइ देवराजइ वच्छराज नमंसिया" पाठ है। इन संघपति देवराज वच्छराजकी शत्रुंजययात्राके सम्बन्धमें अन्वेषण करने पर 'कर्मचंद्रमंत्रिवंशप्रबंध'में मंत्रीश्वर कर्मचंद्रके पूर्वज श्रीवच्छराज व देवराज सिद्ध होते हैं। उल्लेख इस प्रकार हैं:—

"तत्पुत्राः सुपवित्रा त्रयोऽभवंस्तेषु **वच्छराजाख्यः।**
प्रथमोऽथ **देवराजो,** गुणाद्वितीयो द्वितीयोऽभवत् ॥ ९९ ॥"

वच्छराजकी शत्रुंजययात्राका उल्लेख भी इसी ग्रंथके १३७ वें श्लोकमें प्राप्त होता है—

"परभूमिपंचानन बिरुदं, सन्प्राप्तवान् स भाग्येन ।
कृतसंघः शत्रुंजयशैलादिषु संव्ययद्यात्राम् ॥१३७॥"

उपर्युक्त विवेचन और उद्धरणोंसे स्पष्ट है कि यह चैत्यपरिपाटी वि० सं० १५६५ के आसपासकी है और इसमें उल्लिखित देवराज वच्छराज दोनों बीकानेरके बोहित्थरा वंशके सुप्रसिद्ध नरपुंगव थे जिनका बीकानेर वसानेमें भी पूरा हाथ था व वच्छावतवंश इन्हींकी खानदान हैं। वच्छराज बीकानेर वसानेवाले प्रथम राजा राव बीकाजीके प्रधान मंत्री थे। इनके विशेष कार्यकलाप जाननेके लिए "कर्मचंद्रमंत्रिवंशप्रबन्धवृत्ति" देखना चाहिए।

उपर्युक्त चैत्यपरिपाटी तत्कालीन जैन मंदिरोंके सम्बन्धमें महत्त्वपूर्ण सूचना देती है। इसमें उल्लिखित राजस्थान व गुजरातस्थित कई स्थानोंके जैन मंदिर इस समय विद्यमान नहीं हैं। सिरोहीमें इसकी रचनासमय तक खरतरवसही शान्तिजिणंद, तीन चैत्य आदिनाथके व एक अजितनाथ प्रभुके कुल ५ मंदिर थे, बाकी पीछेके बने हुए हैं। इसी तरह जोधपुरके कुंथुनाथ विधिचैत्य, पार्श्वनाथ व शान्तिनाथ जिनालयका उल्लेख है, इसमें भी काफी परिवर्त्तन हो गया प्रतीत होता है। चैत्यपरिपाटीमें उल्लिखित जिनमंदिरोंमें कोई लेख आदि न हो पर अभी विद्यमान हों तो उनका निर्माणकाल भी इससे पूर्वका सिद्ध हो जाता है। मुनि चतुरविजयजीने छीपगवसहीको शिवा सोमजीकी टूंकसे अभिन्न लिखा है यह ठीक नहीं, छीपगवसति प्राचीन है जब कि शिवा सोमजीकी टूंक सं० १६७७ में प्रतिष्ठित हुई थी।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# खेडके शान्ति जिनालय संबन्धी उल्लेख

लेखक : श्रीयुत अगरचंदजी नाहटा और भंवरलालजी नाहटा

[ गतांकमें दिये हुए 'खेडके शिलालेख' शीर्षक लेखकी अनुपूर्ति ]

⊙

**खेडके** शान्ति जिनालयका उल्लेख पूर्व आ चुका है। उस समय उसकी प्रतिष्ठाके संवतादि उल्लेख जो संगृहीत थे उनकी स्मृति नहीं रही अतः इस परिशिष्टके रूप यहां उन्हें दिया जा रहा है:—

१. जेसलमेर बृहद्ज्ञानभंडारकी १४वीं शतीकी एक संग्रह प्रतिमें 'शान्तिनाथ रास' नामक अपूर्ण प्राचीन रास उपलब्ध हुआ है। यह रास बहु संभव उक्त शान्ति जिनालय प्रतिष्ठाके प्रसंग पर ही बनाया गया होगा। उक्त रासके प्रारंभमें ही इसका उल्लेख इस प्रकार किया गया है:—

"खेड़नयर जो संति उद्धरणि कराविउ, विहि समुदयस सुभत्ति जिणवइसूरि ठाविउ । २ ।"

२. 'युगप्रधानाचार्य गुर्वावलीमें खेड़ नगरका नाम "लवणखेटक" पाया जाता है। इस प्रतिष्ठाका उल्लेख इस प्रकार इसमें प्राप्त है:—

"सं० १२५६ चैत्र वदि ५ लवणखेटे नेमिचंद्र-देवचंद्र-धर्मकीर्ति-देवेन्द्रनामानो व्रतिनः कृताः। सं० १२५७ श्रीशांतिनाथदेवगृहे प्रतिष्ठारम्भः प्रधानशकुनाभात्रे विलम्बितः। सं० १२५८ चैत्र वदि ५ शान्तिनाथ विधिचैत्ये श्रीशान्तिनाथ प्रतिमा प्रतिष्ठिता,–शिखरश्च।"

अर्थात्-इस मंदिरकी प्रतिष्ठाएं १२५७ में होनी निश्चित हुई थी पर अच्छे शकुनोंके अभावमें सं० १२५८ चैत्र वदि ५ के दिन शांतिनाथ विधिचैत्यके श्रीशान्तिनाथप्रभु और शिखरकी प्रतिष्ठा श्रीजिनपतिसूरिजीके करकमलोंसे सम्पन्न हुई।

३. चौदहवीं शतीके सुप्रसिद्ध विद्वान लक्ष्मीतिलकगणि रचित 'शान्तिनाथदेव रास'में इस प्रतिष्ठाका उल्लेख इस प्रकार पाया जाता है: —

"तसु पड़िम गुरुमहिम निपड़िमरूवया, सांपढिहि नंदणिण उद्धरिणि कारिया।
खेड़ि जिणवयसूरिहि पासि पयठाविया, तहि जि परि दिवसि सवि उच्छवा संगया ॥४५॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विक्कमे वच्छरे वारहट्ठावने, महु बहुल पंचमी दिवस किर सोवने ।
सोभन देवराय कारिय पयट्ठविहि, अप्पणा मज्झि हेऊण गुरु महानिहि ॥ ४६ ॥
धम्मपुरु नट्टपुरु कितु जीवहपुरं, किन्नरासाणपुरु किन्नु चच्चरपुरं ।
किनु विहि संघपुरु किनु दाणहपुरं, तहि महे संकियं एम खेडप्पुरं ॥ ४७ ॥"

ये शांतिनाथ विधिचैत्य सं० १३८३ पर्यन्त तो पूज्यमान वंबमान था यह बात 'गुर्वावली'के उल्लेखसे स्पष्ट है। श्रीजिनकुशलसूरिजी बाहड़मेरसे जालोर जाते समय खेड़स्थित स्वपूर्वज कारित श्रीशांतिनाथ और समियाणा (सिवाना)के शान्तिनाथ जिनालयकी वंदना की। इसमें वाहित्रिक उद्धरणके लिए "राज्यभार धुराको धारण करनेमें धौरेयके समान लिखा है।"

उद्धरणके पुत्र कुलधर संभवतः जालौर भी रहने लगे थे उनके स्वर्णगिरि-जाबालिपुरमें श्रीमहावीरदेव विधिचैत्य निर्माण कराने व सं० १२९९ मिति प्रथमाश्विन वदि २ के दिन दीक्षा लेने व कुलतिलक मुनि नामसे प्रसिद्ध होनेका महत्त्वपूर्ण उल्लेख 'गुर्वावली'में पाया जाता है। इसमें कुलधरके पुत्र भोजराजा और उसके पुत्र सलखणसिंहका भी उल्लेख है।


सं० १५४६ में इसी देशके मंत्रीश्वर राजसिंहके लिखाई हुई स्वर्णाक्षरी कल्पसूत्रकी ४८ श्लोकवाली प्रशस्ति उद्धरणके वंशपरंपरा एवं वंशधरोंके सुकृत्यों पर अच्छा प्रकाश डालती है। लेखविस्तार भयसे हम उसका सार नहीं दे रहे हैं, पर यह प्रशस्ति 'देशविरति धर्माराधक समाज' द्वारा प्रकाशित "पुस्तक प्रशस्ति संग्रह"के पृष्ठ ४६ में प्रकाशित है, उसकी ओर पाठकोंका ध्यान आकर्षित कर देना आवश्यक समझते हैं। खरतरगच्छकी बेगड़शाखाके अन्य साहित्यके अनुशीलनसे और भी बहुतसी ज्ञातव्य बातें प्रकाशमें आ सकती हैं। समय मिला तो कभी स्वतंत्र प्रकाश डालेंगे। इस शाखाके स्थापक जिनेश्वरसूरि उद्धरणके वंशज ही थे, और भी अनेक आचार्य हुए हैं जिनका निर्देश आगे किया जा चुका है।

खेड़, जालौर, समियाना आदि स्थानोंके प्राचीन जैन मंदिर प्राप्त नहीं हैं। मुसलमानोंके आक्रमणादिसे ही उनका विनाश हो जाना प्रतीत होता है। जालौरके कान्हडदेका यवनोंसे महान् संघर्ष हुआ, इतिहासप्रसिद्ध है। संभव है इसी समय जालौर तन्निकटवर्ती देवायतनोंकी अधिक परिमाणमें ध्वंसलीला चली हो।

खेटकका नाम लवणखेटक 'गुर्वावली'में मिलता है इस संबन्धमें विचार करने पर मालूम हुआ कि खेडके निकट ही पैंचपद्रा नामक स्थान है जहां आज भी नमकका उत्पादन होता है। यहांका नमक विशेष प्रकारका है। हमारा ख्याल है या तो खेड़ विशालनगरमें वसा हो या यहां भी उस समय नमक बनाया जाता रहा होगा। खेड़ संज्ञक अन्य स्थानोंसे पृथक्त्व बतानेके लिए ही इसे लवणखेटक लिखा, और प्रसिद्धि प्राप्त हुइ विदित होती है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રભાસપાટણના શિલાલેખો

સંગ્રાહક : પૂ. મુનિરાજ શ્રીચંદનસાગરજી

[ ગતાંકથી ચાલુ ]

★

( ૧૧ ) શ્રીપાર્શ્વનાથની પ્રતિમાનો લેખ—

સંવત્ ૧૬૬૬ વર્ષે પોષ વદિ ૬ ભૃગૌ વૃદ્ધજ્ઞાતીય····પત્તનવાસિ સા૦ ગોવિંદ··· રાણશ્રીના················પ્રતપા શ્રીવિજયસેનસૂરિ···

( ૧૨ ) શ્રીશાન્તિનાથ પ્રભુની પ્રતિમા વિષેનો લેખ—

સંવત્ ૧૬૬૬ વર્ષે પોષ વદિ ૬ શુક્રે ઊકેશજ્ઞાતીય વૃદ્ધશાખીય દેવપત્તનવાસ્તવ્ય···· ····લજીભાર્યા····શ્રીશાન્તિનાથબિંબં કારિતં પ્રતિષ્ઠિતં ચ શ્રીતપાગચ્છે ભટ્ટારકપુરિ····શ્રીવિજયસેનસૂરિભિઃ ।

( ૧૩ ) શ્રીઅજિતનાથની પ્રતિમાનો લેખ—

સંવત્ ૧૬૬૬ વર્ષે········વદિ·········શાખીય દેવપત્તનવાસ્તવ્ય સ૦ શિવદાસનામ્ના ·········શ્રીઅજિતનાથબિંબં કારિતં પ્રતિષ્ઠિતં ચ શ્રી···········સૂરિભિઃ ।

( ૧૪ ) શ્રીસંભવનાથનો પ્રતિમાનો લેખ—

સંવત્ ૧૬૬૬ વર્ષે··········વાસરે લાડગોત્રે બ્રહ્મશાખાયાં ઊકેશજ્ઞાતીય વૃદ્ધશાખીય દેવપત્તનવાસ્તવ્ય સા૦ રતનસી ભાર્યા દીવાલી સુત સા૦ સ૦ વા ભાર્યા તૃક્ષઈ સુત સા વાઘજીનામ્ના સ્વશ્રેયસે શ્રીસંભવનાથબિંબં કારિતં પ્રતિષ્ઠિતં ચ શ્રીતપાગચ્છે પાતસાહિ શ્રીઅકબરસુરત્રાણપ્રદત્તપુસ્તકભાંડાગારદાનષાણ્માસિકજંતુજાતાભયદાનપ્રવર્ત્તનજીજિઆ શત્રુંજયાદિ કરમોચનસ્ફુરન્માનપ્રદા········તિબહુમાનભટ્ટારક શ્રીહીરવિજયસૂરિપટ્ટ········સહસ્રકિરણાનુકારિભિઃ પાતસાહિ શ્રીઅકબરધરાધિપતિ સભા સં········તપ્રભૃતવાદિવૃંદજયકાર સાહિપાર્શ્વપ્રાપ્ત વૃષભ વૃષભી મહિષમહિષી ચ···· ભયદાનસ્ફુરન્માનોદાર સર્વતઃ પ્રવર્દ્ધમાનપ્રધાનયશોરાશિધારકઃ સકલભટ્ટારકકોટીરહારભટ્ટારક શ્રીવિજયસેનસૂરિભિઃ ।

( ૧૫ ) શ્રીશીતલનાથપ્રભુની મૂર્તિનો લેખ—

સંવત્ ૧૬૬૬ વર્ષે પોષ વદિ ૮ રવિવાસરે સોરઠીઆજ્ઞાતીય વૃદ્ધશાખીય દેવપત્તનવાસ્તવ્ય········। તાઃ ભાર્યા શ્રી૦ રંભાદે સુતૈ મ્યેં૦ વષા મ૦ રાજપાલ મ૦ જગપાલ નામકૈ ચ પિતૃશ્રેયોર્થં શ્રીશીતલનાથબિંબં કારિતં પ્રતિષ્ઠિતં ચ શ્રીતપાગચ્છે પાતસાહિ શ્રીઅકબરદત્તબહુમાનભટ્ટારક શ્રીહીરવિજયસૂરિપટ્ટપ્રભાકરાનુકારિપાતસાહિ શ્રીઅકબર········પ્રાપ્તવાદિવૃંદજય શ્રીધારિયશોધારિભટ્ટારકશ્રીવિજયસેનસૂરિભિઃ ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( १६ ) श्रीचन्द्रप्रभप्रभुनी मूर्तिनो लेख—

संवत् १६६६ वर्षे पौषासिता षठ्यां भृगुवासरे लाडगोत्रे ब्रह्मशाखायां ऊकेशज्ञातीय वृद्धशाखीय देवपत्तनवास्तव्यं सा० रतनसी भार्या दीवाली सुत सा० विक्किआ भार्या मनाई सुत सा० ओघवजीनाम्ना स्वश्रेयसे श्रीचन्द्रप्रभबिंबं कारितं प्रतिष्ठितं श्रीतपागच्छे पातसाहि श्रीअकबरसुरत्राणप्रदत्तपुस्तकभंडागारदानषाणमासिकजंतुजाताभयदानप्रवर्त्तन जीजिआशत्रुंजयादिकरमोचनस्फुरन्मानप्रदानप्रभृतिबहुमान भट्टारकश्री·········भट्टार·····सहस्रकिरणानुकारिभिः पातसाहि श्रीअकबरधराधिपतिसभाप्रभूतवादिवृंदजय साहिपार्श्वे जास वृषभवृषभी महिषमहिषी चतुर्भ्यः अभयदान·········सर्वतः प्रवर्द्धमान प्रधानयशोराशि·········न्कल·········र भट्टारक श्रीविजयसेनसूरिभिः ।

( १७ ) श्रीशान्तिनाथप्रभुनी मूर्तिनो लेख—

संवत् १६६६ वर्षे माघसित ६ गुरौ ऊकेशज्ञातीय वेलाकुलवास्तव्यं महीदेवजी(भा)र्याश्रः । जेग सुत पुंडरीः स्वश्रेयसे श्रीशान्तिनाथबिंबं का० प्रतिष्ठितं च श्री·····गच्छे पातसाहि अकबरसूरत्राणदत्तबहुभावभट्टारक श्रीहीरविजयसूरिपट्टप्रभाकरानुकारिभिः श्रीअकबरछत्रपति·····परित·········प्रा·····द श्रीधारिभिर्भट्टारकपरंपरा ४२६२ श्री ५ श्रीविजयसेनसूरिभिः ।

( १८ ) श्रीपार्श्वनाथप्रभुनी मूर्तिनो लेख—

संवत् १६६७ वर्षे माघमासे शुक्लपक्षे·········गुरौ ऊकेशज्ञातीयदेवपत्तनवास्तव्य रामदास भार्या·········णदे सुत सा० जयवंत भार्या गंगादेनाम्ना स्वश्रेयसे श्रीपार्श्वनाथबिंबं कारितं प्रतिष्ठितं·········पातसाहि श्रीअकबरसुरत्राणदत्तबहुमानभट्टारक श्रीहीरविजयसूरि·········छत्रपति परि० त प्राप्त वादिवृंदजय·········रि·········र्भ·········क·········श्रीविजयसेनसूरिभिः ।

( १९ ) श्रीचन्द्रप्रभस्वामिनी मूर्तिनो लेख—

संवत् १६६७ वर्षे माघमासे शुक्लपक्षे·····तिथौ गुरुवासरे ऊकेशज्ञातीयदेवपत्तनवास्तव्य सा० भावड भार्या० रन० सुत० सा० वीदणानाम्ना भार्या रंगादे सुत·········श्रीचन्द्रप्रभबिंबं कारितं प्रतिष्ठितं च श्रीतपागच्छे पातसाहि अकबरसुरत्राण·········बहुमानभट्टारक श्रीहीरविजयसूरि·········छत्रपति परि० त प्राप्त वादिवृंदजयवादधारिभिः भट्टारकप·········भट्टारक श्री ५ श्रीविजयसेनसूरिभिः ॥

## विनती

પૂ. આચાર્યાદિ મુનિવરો પોતાનાં ચતુર્માસ સ્થળોનાં સરનામાં જણાવે એવી વિનંતિ છે.

જે ભાઈઓનાં લવાજમ આ અને આગામી અંકે પૂરાં થતાં હોય તેઓ મનીઓર્ડરથી રૂપિયા ત્રણ મોકલી આપે એવી વિનંતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha. Regd. No. B. 3801 श्री जैन सत्य प्रकाश

# શ્રી જૈન સત્ય પ્રકાશ

## અંગે સૂચના

### યોજના

૧. શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ દ્વારા 'શ્રી. જૈન સત્ય પ્રકાશ' માસિક ૧૭ વર્ષ થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સંરક્ષક તરીકે રૂા. ૫૦૦) આ૦ દાતા તરીકે રૂા. ૨૦૦) આ૦ સદસ્ય તરીકે રૂા. ૧૦૧) રાખવામાં આવેલા છે. આ રીતે મદદ આપનારને માસિક કાયમને માટે મોકલવામાં આવે છે.

### વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં વિહરતા હોય એ સ્થળનું સરનામું માસિક પ્રગટ થાય એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચીન અવશેષો કે ઐતિહાસિક માહિતીની સૂચના આપવા વિનંતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો આદિની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનંતિ છે.

### ગ્રાહકોને સૂચના

૧. "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.

૨. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩) ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે.

૩. માસિક વી. પી. થી ન મંગાવતાં લવાજમના રૂા. ૩) મનીઑર્ડરદ્વારા મોકલી આપવાથી અનુકૂળતા રહેશે.

૪. આ માસિકનું નવું વર્ષ દિવાળીથી શરૂ થાય છે. પરંતુ ગ્રાહક ગમે તે અંકથી બની શકાય.

૫. ગ્રાહકોને અંક મોકલવાની પૂરી સાવચેતી રાખવા છતાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા પછી અમને સૂચના આપવી.

૬. સરનામું બદલાવવાની સૂચના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે.

### લેખકોને સૂચના

૧. લેખો કાગળની એક તરફ વાંચી શકાય તેવી રીતે શાહીથી લખી મોકલવા.

૨. લેખો ટૂંકા, મુદ્દાસર અને વ્યક્તિગત ટીકાત્મક ન હોવા જોઈએ.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા અને તેમાં પત્રની નીતિને અનુસરીને સુધારાવધારા કરવાનો હક તંત્રી આધીન છે.

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ.
શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ—અમદાવાદ.

For Private And Personal Use Only